પ્રકરણ ૭

પ્રકીર્ણ સૂચિ-અનુવાદ-સંપાદન

ગુજરાતી સાહિત્યમાં નાટક, નિબંધ, ચરિત્ર, સંશોધન અને વિવેચનની સાથે સૂચિ, અનુવાદ અને સંપાદન ક્ષેત્રમાં પણ ધીરુભાઈનું ખાસ યોગદાન રહ્યું છે. જેની પ્રતીતિ આપણને તેમણે મણિલાલ દ્વિવેદી પર કરેલા સંશોધન થકી થાય છે. આ સંશોધન કાર્યની સાથોસાથ તેમણે મણિલાલ દ્વિવેદીના તંત્રીપદે પ્રગટ થતાં સામયિકોની સૂચિ 'સુદર્શન અને પ્રિયંવદા'(૧૯૬૬) રમણભાઈ નીલકંઠનું 'જ્ઞાનસુધા'(૧૯૮૮)અને ગોવર્ધનરામ ત્રિપાઠીનું 'સમાલોચક'(૧૯૮૮)ની સ્વાધ્યાય અને સૂચિ તૈયાર કરી આપી હતી. આ સામયિકોમાં ગ્રંથસ્ત થયેલી સામગ્રી કાળના પ્રવાહમાં લૂપ્ત ન થઈ જાય અને તેમાં સચવાયેલી સામગ્રી સંશોધકને ઉપયોગી બની રહે તેથી આવી સ્વાધ્યાયસૂચિનું તેમને મન આગવું મહત્ત્વ હતું. આથી તેમણે ચાર સામયિકોની સ્વાધ્યાયસૂચિ તૈયાર કરીને ગુજરાતી સામયિકસૂચિઓમાં મહત્ત્વનો ઉમેરો કર્યો છે. એટલું જ નહીં પણ ગુજરાતી વિશ્વકોશમાં એમણે સ્વાધ્યાયસૂચિ આપવા પર ધ્યાન દોર્યું હતું અને તેને પરિણામે 'સંસ્કૃતિ', 'વસંત' જેવા સામયિકોની સ્વાધ્યાયસૂચિ અન્ય વિદ્વાનો પાસે કરાવીને આપી હતી.

સૂચિની સાથે તેમણે અનુવાદમાં પણ તેમનું પ્રદાન રહ્યું છે. કારકિર્દીના આરંભે 'ગણધરવાદ'(૧૯૪૨), 'નિહ્નવવાદ'(૧૯૪૭), 'સમાજલક્ષી મનોવિજ્ઞાન'(૧૯૫૬), 'ગૌતમ બુદ્ધ'(૧૯૬૬), જેવા અનુવાદ-સંપાદન તેમની પાસેથી મળે છે. એમના સાહિત્યિક કાર્યમાં ઓછાં જાણીતા આ અનુવાદ-સંપાદન પણ એક મહત્ત્વનું પાસું છે. 'પ્રવાસી પિરામિડનો' (૨૦૦૬)અને 'સત્યની મુખોમુખ'(૨૦૧૦)માં તેમની અનુવાદશક્તિના ઉત્તમ ઉદાહરણરૂપ અનુવાદો બન્યા છે. તેમણે વ્યક્તિગત અને અન્યના સહકારમાં અનેક સંપાદનો પણ આપ્યા છે. પ્રસ્તુત પ્રકરણમાં સૂચિકાર, અનુવાદક અને સંપાદક ધીરુભાઈ ઠાકર વિશે વિગતે જોઈએ.

સુદર્શન અને પ્રિયંવદા : સ્વાધ્યાય અને સૂચિ (૧૯૬૬)

ગુજરાતી સાહિત્યિક પત્રકારત્વમાં સુધારકયુગની સાથે પંડિતયુગનું પણ અનોખું પ્રદાન રહ્યું હતું. સુધારકયુગમાં નર્મદ, નવલરામ અને દલપતરામ જેવા અનેક સર્જકોએ પત્રકારત્વના માધ્યમ દ્વારા સુધારણાની પ્રવૃત્તિને વેગ આપ્યો હતો. ત્યારપછી સાક્ષરયુગમાં સાહિત્ય અને સંસ્કૃતિની દ્રષ્ટિએ કેટલાક મહત્ત્વના સામયિકોમાં 'પ્રિયંવદા'(૧૮૮૫-૧૮૯૦)અને 'સુદર્શન'(૧૮૯૦-૧૮૯૮) નોંધપાત્ર છે. ઈચ્છારામ સૂર્યરામ દેસાઈના 'ગુજરાતી' સામયિકમાં 'નારીપ્રતિષ્ઠા' નામની લેખમાળા ચલાવ્યા પછી સ્ત્રીવિષયક સામાજિક અને કેળવણીના પ્રશ્નોને વાચા આપવા માટે પંડિતયુગના સમર્થ ગદ્યસ્વામી અને તત્ત્વચિંતક મણિલાલ દ્વિવેદીએ આ પત્રોની શરૂઆત કરી હતી. આ પત્રના તંત્રીની જવાબદારી તેમણે આજીવન નિભાવી હતી. આથી ગુજરાતમાં સાક્ષરી પત્રકારત્વનો આદર્શ સ્થાપનાર તરીકે તેઓ ઓળખાતા રહ્યા છે. 'સુદર્શન'ના શીર્ષકની સાથે તેના કવર પૃષ્ઠ ઉપર તેના વિષયવ્યાપની સ્પષ્ટતા કરી આપી છે. આ બંને સામયિકના તંત્રી અને અન્ય સર્જકો જેવા કે આનંદશંકર, કલાપી, કાન્ત, માનશંકર મહેતા, બાળાશંકર વગેરેકૃત સામગ્રી જેવી કે ભાષા, સાહિત્ય, રાજકારણ, સમાજ, ધર્મ, દર્શન અને વિવિધ વિચારધારાઓ અહીં જોવા મળે છે. ઉપરાંત રમણભાઈ નીલકંઠ અને મણિલાલ દ્વિવેદી વચ્ચે પુર્નજન્મ, પ્રાર્થના, દેશાભિમાન વગેરે સંદર્ભ થયેલો વિવાદો પણ નોંધપાત્ર બની રહે છે. કલાપી માટે શરૂ કરેલ 'કારભાર' લેખમાળા, 'પૂર્વ અને પશ્ચિમ' લેખમાળા અને આત્મધર્મી પત્રકાર મણિલાલની પ્રતિભા અહીં છતી થતી જોવા મળે છે. આવા મહત્ત્વના સામયિકોમાં કે જેમાં પ્રજાના સાંસ્કૃતિક ઉત્થાનનો ઈતિહાસ પડેલો છે તે કાળના પ્રવાહમાં લુપ્ત થઈ તે પહેલા સાહિત્યના અભ્યાસીને ઉપયોગી બની રહે તે હેતુથી સંપાદકે આ પુસ્તક તૈયાર કરી આપ્યું છે.

'પ્રિયંવદા' સામયિકની શરૂઆત ૧૮૮૫માં થઈ હતી. જેમાં સ્ત્રીઉન્નતિ અને સ્ત્રીકેળવણીને ઉત્તેજન આપતું આ સામયિક બની રહ્યું હતું. સાથે તે સાહિત્ય, શિક્ષણ, ધર્મ-દર્શન અને સમસામયિક ઘટનાઓ વગેરેને સ્થાન પણ મળતું હતું. 'પ્રિયંવદા' પાંચ વર્ષ ચલવ્યા બાદ મણિલાલને લાગ્યું કે હવે માત્ર

સ્ત્રીવિષયક લખાણોથી જ આ સામયિક ચલાવવું મુશ્કેલ છે ત્યારે તેમણે 'સુદર્શન' (૧૮૯૮)માં શરૂ કર્યું હતું. 'પ્રિયંવદા'નો પ્રથમ અંક ૧૮૮૫ના ઓગસ્ટની પહેલી તારીખે થયો હતો. પ્રથમ પાનાં ઉપર જ આ સામયિકનો ઉદ્દેશ સ્પષ્ટ કરવામાં આવ્યો હતો. પંડિતયુગમાં સ્ત્રીઓની શી હાલત હતી, સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ વગેરે બાબતોનું સઘન વાંચન આ સામયિક પૂરું પાડે છે. 'પ્રિયંવદા'ના મોટાભાગના લેખો તંત્રી જ લખતા હતા. સ્ત્રીવાચકના લેખોનો ઉલ્લેખ 'સ્ત્રીવાચકે મોકલ્લું' એ રીતે આપવામાં આવતું હતું. 'એક સ્ત્રીના વિચાર' લેખમાં સ્ત્રી અને સભ્યતાનું મહત્ત્વ દર્શાવી આપે છે. સાતમાં પાનાં ઉપર 'શરીર વિદ્યા'નામનો લેખ છે જેમાં માનવશરીરની રચના સમજાવી આપી છે. પૃ. ૧૦ ઉપર 'સાહિત્ય' શીર્ષકમાં પોતાના કાવ્યનું રસદર્શન કરાવી આપ્યું છે. મણિલાલની કેળવણી ખાતાના માળખામાં સુધારો કરવાની જિકર 'સરકારી કેળવણી ખાતામાં ધરેલા સુધારા'માં જોઈ શકાય છે. 'ગુલાબસિંહ' નામની સળંગ કથાનો પ્રથમ હપ્તો અહીં મળી રહે છે. અંતિમ પૃષ્ઠમાં વિષયાનુક્રમણિકા દર્શાવેલી છે. ત્યારપછીના અંકોમાં શરીર વિદ્યાનો હપ્તો, સ્ત્રીસુધારણાના લેખો છપાતાં દેખાય આવે છે. ચોથા અંકમાં બાળલેખનનો ભાગ અને પાંચમાં અંકમાં ગ્રંથવિવેચનનો ભાગ ઉમેરાય છે. મણિલાલના 'પ્રિયંવદા' સામયિક સૂચિનું વર્ગીકરણ આપણે જોઈએ છીએ ત્યારે મણિલાલના નામનો ઉલ્લેખ જોવા મળતો નથી. પત્રવ્યવહારના સરનામામાં 'પ્રિયંવદા તંત્રી – ભાવનગર' એવો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. આ સામયિકના દરેક નવા વર્ષના શુભારંભે મણિલાલ 'નવું વર્ષ' કે 'વર્ષારંભે' શીર્ષકથી લેખો લખતા અને આગલા વર્ષોના અંકોની કામગીરીની સમીક્ષા પણ કરતાં હતા.

મણિલાલ ૧૯૯૦માં બીમાર પડતાં ભાવનગરની નોકરીમાંથી રાજીનામું આપે છે તેની સાથે 'પ્રિયંવદા' પણ હંમેશને માટે વિદાય લે છે. 'પ્રિયંવદા'નું નામ બદલીને તેઓ 'સુદર્શન' કરે છે. 'સુદર્શન'નું ફલક વિસ્તૃત બનતાં તેમાં ધર્મચર્ચા, સાહિત્ય જેવા વિષયોને સ્થાન મળે છે. વેદાંતની ઊંડી ચર્ચા આ સામયિક જોવા મળે છે. જેમાં શિક્ષિત વાચક વર્ગ વધુ રસ લેતા થાય છે. મણિલાલે આ સામયિકમાં ઘણા વિવાદાસ્પદ લેખો લખીને ઉહાપોહ જગાવ્યો હતો. આ સામયિકમાં રાજકીય પ્રકરણનો વિષય પણ ઉમેરાતો

જોવા મળે છે. 'સુદર્શન' ગુજરાતના પ્રસિદ્ધ સાક્ષરો માટે મહત્ત્વનું માધ્યમ બની રહ્યું હતું જે લેખોની સૂચિ જોતાં આપણને લાગે છે.

સંપાદકે અહીં પસંદ કરેલી સામગ્રીનો માત્ર સાર ન આપતા જે-તે સ્થાને કવિતા, લેખ, લોકવાયકા, લોકવૃત્ત, ગ્રંથાવલોકન વગેરેની વિશેષતાઓ અને મર્યાદાઓ પણ દર્શાવી આપી છે. મણિલાલ દ્વિવેદીએ 'પ્રિયંવદા'અને 'સુદર્શન' માસિકમાં કર્તા કે લેખકનું નામ આપવાનું ટાળ્યું હતું. જે લેખ પોતે ન લખ્યો હોય તે લેખને 'મળેલું' એવો ઉલ્લેખમાત્ર કરવાની પ્રણાલી હતી. જેના ઉકેલ માટે સંપાદકે દરેક સામગ્રીનું સઘન અધ્યયન કરીને જે-તેની વિશેષતાઓ તારવી આપવાની સાથે મણિલાલ દ્વિવેદી અને અન્ય સમકાલીન સર્જકોના ગ્રંથો તપાસી જોઈને જે-તે કૃતિ સંબંધિત સર્જકના કયા ગ્રંથમાં સમાવિષ્ટ છે તેની 'અંગુલિનિર્દેશ' વિભાગમાં મૂકીને પાદટીપમાં સંદર્ભ આપીને ઘણા સર્જકોના કર્તુત્વના પ્રશ્નનું નિરાકરણ કરી આપ્યું છે. જેમાં ધીરુભાઈના સંશોધકીય અભિગમ અને ચોકસાઈના દર્શન થયા વગર આપણને રહેતા નથી. આ ઉપરાંત કલાપી, કાન્ત, બાળાશંકર, બોટાદકર જેવા કવિઓની કેટલીક કૃતિઓ અહીં પહેલીવાર પ્રગટ થયેલી જોવા મળે છે. જેની તેઓ કાળજીપૂર્વક નોંધ લીધી છે.

આમ છતાં સંપાદક ધીરુભાઈ ઠાકરકૃત આ ગ્રંથની મર્યાદા જોઈએ તો અહીં 'સુદર્શન'ના વર્ષ ૭ અંક ૯ (જૂન, ૧૮૯૨) અને ઓક્ટોબર, ૧૮૯૮ના અંકથી શરૂ કરીને પુસ્તક ૩૦, અંક ૧૨ સપ્ટેમ્બર ૧૯૧૫ સુધીના અંકોનો સમાવેશ કર્યો નથી. જેમાં આ અંકો ભો.જે. અધ્યયન સંશોધન વિદ્યાભવનના ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે છતાં અહીં તેનો સમાવેશ કરવાનું ચૂકી ગયા છે. આનું કારણ આપતા મણિભાઈ પ્રજાપતિ જણાવે છે કે, *"આ અંકો તત્કાલીન સમયે પ્રાપ્ય થયા ન હોય, ફક્ત મણિલાલના તંત્રીપણા હેઠળના અંકોને જ આવરી લેવાનો લેખકનો મનસૂબો. આ બે કારણોમાં પૈકી બીજા કારણની સંભાવના બળવત્તર જણાય છે. કારણ કે : ૧, મણિલાલ દ્વિવેદી માત્ર પીએચ.ડી. ડિગ્રી હેતુ અધ્યયન- સંશોધનનો વિષય ન બની રહેતા તેમના આજીવન આરાધ્ય બની રહ્યા હતા. ૨, આ સામયિકમાં પ્રગટ થયેલ સામગ્રીના વિશ્વલેષણમાં તંત્રીશ્રી મણિલાલ કૃત તેમના વિષયક ઘણાખરા લેખોનું હાર્દ પસંદગીના અવતરણો ઉદ્ધૃત કરીને કાળજીપૂર્વક*

સમજાવવામાં આવ્યું છે, જે વલણ પ્રાય: અન્ય લેખો પ્રતિ ઓછું જોવા મળે છે. ૩, તંત્રીશ્રી દ્વારા પ્રત્યેક વર્ષના આરંભે, પત્રની નીતિ, લેખયોજના, વાચકની ઇત્યાદિને લગતી, લખેલી તંત્રીનોંધો પાઠ આપવો તથા ‘આત્મધર્મી પત્રકાર’ તરકેનો વિસ્તૃત છણાવટ કરતો વિદ્વત્તાપૂર્ણ લેખ ગ્રંથારંભે આપવો વગેરે બાબતોમાં ઠાકરસાહેબનું નીરીક્ષર વિશ્લેષણ દ્રષ્ટવ્ય છે. અને તેથી જ ઠાકરસાહેબનો મણિલાલ નભુભાઈ દ્વિવેદી પ્રતિ મમત્વભાવ સ્વત: ઊપસી આવે છે. જેના પરિણામસ્વરૂપે ફક્ત મણિલાલ દ્વિવેદી દ્વારા સંપાદિત અંકો સુધી પોતાનો સ્વાધ્યાય સીમિત રાખવાનું મુનાસિબ માન્યું હશે.” [૧] આ પ્રકારનું તેમનું તારણ યોગ્ય લાગે છે.

સંપાદકે આ બંને સામયિકોની સળંગ ૧૩ વર્ષોના અંકોની અંકવાર અનુક્રમણિકા આપી છે. આ પાછળનો ધીરુભાઈનો હેતુ જિજ્ઞાસુઓ અને અભ્યાસીઓને આ સામયિકોમાં પ્રકાશિત સઘળી સામગ્રીથી માહિતગાર થઈ શકે તે રહ્યો છે. સંપાદક ધીરુભાઈએ માસિકોમાં પ્રગટ થયેલા ઐતિહાસિક અને ચિરકાલીન મૂલ્યોવાળા લખાણોનો પરિચય કરારવા, અભ્યાસીઓને એ તરફ અભિમુખ કરવા આ પુસ્તક તૈયાર કરી આપ્યું છે. જે ગુજરાતી સાહિત્યમાં પ્રથમ બની રહે છે.

‘જ્ઞાનસુધા: સ્વાધ્યાય અને સૂચિ’

‘જ્ઞાનસુધા: સ્વાધ્યાય અને સૂચિ’ (૧૯૮૭)માં ધીરુભાઈ ઠાકરે તૈયાર કરેલ બીજુ સૂચિ વિષયક પુસ્તક છે. રમણભાઈ નીલકંઠ પંડિતયુગના નોંધપાત્ર સર્જક છે. તેમણે કવિતા, નાટક, નિબંધ, નવલિકા, વિવેચન, હાસ્યલેખો એમ અનેકવિધ ક્ષેત્રમાં પ્રદાન બદલ ગુજરાતી સાહિત્યમાં આગવું સ્થાન પ્રાપ્ત કરે છે. ઉપરાંત સાહિત્યિક પત્રકારત્વમાં પણ તેમનું આગવું પ્રદાન રહ્યું છે.

‘જ્ઞાનસુધા’ અમદાવાદમાં આવેલ ‘પ્રાર્થનાસમાજ’ના ઉપક્રમે શરૂ કરવામાં આવેલું મુખપત્ર હતું. જેના તંત્રી અને પ્રકાશકની જવાબદારી ઈ.સ.૧૮૮૭માં રમણભાઈ નીલકંઠને સોપવામાં આવી હતી. આરંભમાં આ પત્ર પાક્ષિક હતું. ત્યારબાદ તા-૮-૧૨-૧૮૮૮થી તે સાપ્તાહિક બન્યું હતું. રમણભાઈના પિતા મહિપતરામના અવસાનથી તેમના પર અન્ય જવાબદારીઓ આવી પડતાં આ પત્ર જાન્યુઆરી ૧૮૯૨થી માસિક બન્યું હતું.

‘જ્ઞાનસુધા’ માસિક પત્રની તંત્રી-પ્રકાશકની જવાબદારી રમણભાઈએ ૧૮૮૭થી ૧૯૧૯ સુધી સંભાળી હતી. વળી ૧૯૧૬માં તેના વ્યવસ્થાપનની જવાબદારી જાણીતા પ્રકાશક જીવનલાલ અમરશીએ સંભાળી હતી. ‘જ્ઞાનસુધા’ સામયિક અનિયમિત રીતે પ્રકાશિત થતું રહ્યું છે, જેના ૧૮૮૭થી કુલ ૩૨ પુસ્તકો પ્રકાશિત થયા છે. આ ગાળા દરમિયાન ૧૯૧૮માં આ પત્રનો એક પણ અંક પ્રકાશિત થયો ન હતો.

‘જ્ઞાનસુધા’ના પહેલા પાંચ અંકોમાં ઈતિહાસ, તત્ત્વજ્ઞાન, ધર્મ, પ્રકીર્ણ, મૃત્યુનોંધ, રાજકારણ, વિજ્ઞાન, શિક્ષણ, સમાજ, સાહિત્ય જેવા વિભાગોમાં તત્કાલિન સમયની સામગ્રી માટે આ સામયિક દસ્તાવેજી મૂલ્ય ધરાવતું જોવા મળે છે. આ સામયિકમાં નરસિંહરાવ, ન્હાનાલાલ અને કાન્ત જેવા સર્જકોની ઘડતરકાળની કેટલીક મહત્ત્વની અને રસપ્રદ માહિતી મળી રહે છે. જેમ કે ન્હાનાલાલ કારકિર્દીના પ્રારંભમાં રમણભાઈથી કેવા પ્રભાવિત થયા હતા અને સાહિત્યક્ષેત્રે તેમનો પ્રવેશ કેવો ગૂઢ અને નાટ્યાત્મક બન્યો હતો તે ‘શ્વેતામ્બરી સંન્યાસિની’ કાવ્યના પ્રસિદ્ધિસંદર્ભ જોઈ શકાય છે. ‘સમાલોચક’માં ગોવર્ધનરામે લખેલા ગુજરાતી લેખનપદ્ધતિના નિયમો દર્શાવતા લેખની નરસિંહરાવે ‘ગુજરાતી જોડણી’ લેખ લખીને તેનું કેવું નિરસન કર્યું હતું તેનો ખ્યાલ આવે છે. આનંદશંકર ધ્રુવે ‘મુમુક્ષુ’ના તખલ્લુસથી પ્રાર્થનાસમાજના મોક્ષસિદ્ધાંત વિશે લખેલું ચર્ચાપત્ર અને તેનો રમણભાઈએ આપેલો જવાબ પણ ધ્યાન ખેંચે છે. ‘પ્રેમભક્તિ’ તખલ્લુસથી લખાયેલા ન્હાનાલાલના ગદ્યપદ્ય લેખોની ઝાંખી તેમજ કવિની મુગ્ધ તરંગલીલા અને તેમની પ્રતિભાનું દર્શન આપણને અહીં જોવા મળે છે. મણિલાલ દ્વિવેદીના ‘સિદ્ધાંતસાર’નું કાન્ત દ્વારા ‘જ્ઞાનસુધા’માં પત્રરૂપે કરેલું અવલોકન જાણવા મળે છે. ‘સુદર્શન’ અને ‘જ્ઞાનસુધા’ વચ્ચે ચાલેલા વિવાદ ઉપરાંત મણિલાલના એકેએક વિધાનનું સચોટ તારણ ‘જ્ઞાનસુધા’માં જોવા મળે છે. વળી આ બે સાક્ષરો વચ્ચે ધર્મવિષયક અને સાહિત્યવિષયક જે ઉગ્ર વિવાદો થતા હતા તેનું પ્રતિબિંબ ‘જ્ઞાનસુધા’માં પડેલું જોવા મળે છે.

કેટલાક નવોદિત લેખકોને પણ ‘જ્ઞાનસુધા’માં આવકાર મળ્યો હતો. ન્હાનાલાલનું સુપ્રસિદ્ધ કાવ્ય ‘વસંતોત્સવ’ ૧૮૯૮માં ‘જ્ઞાનસુધા’માં પ્રગટ થયું હતું. બ.ક.ઠાકરના ‘પ્રેમનો દિવસ’ સોનેટમાળાના સોનેટો,

કાન્તના ‘વત્સલનાં નયનો’ના ઊર્મિકાવ્યો, ‘કુમાર’ અને ‘ગૌરી’ જેવી વાર્તાઓ પણ ‘જ્ઞાનસુધા’માં જોવા મળે છે. ‘નવચેતન’ના સ્થાપક ચાંપશીભાઈનો ઉદય પણ ‘જ્ઞાનસુધા’માં જોવા મળે છે. વળી ૧૯૧૧ના વર્ષ દરમ્યાન ‘બુદ્ધ ધર્મ અને સંઘ’એ શીર્ષક હેઠળ ધર્માનન્દ કોસાંબીએ વડોદરામાં મહારાજા સયાજીરાવ સમક્ષ આપેલા ત્રણ વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનોનો સારરૂપ અનુવાદ નવ હપ્તે ‘જ્ઞાનસુધા’માં પ્રગટ થયો હતો. ઉપરાંત સાગર, કુંજ, અરવિંદ, અનિલ, અભિનવ અને નરહરિ ધ્રુવ એમ સંખ્યાબંધ કવિઓના ગદ્યપદ્ય લખાણો ‘જ્ઞાનસુધા’માં સતત ધ્યાન ખેંચતા રહે છે.

સાહિત્યની સાથે ધર્મ અને સમાજસુધારાની સંસ્થાઓ અને પરિષદોના અહેવાલો ‘જ્ઞાનસુધા’માં નિયમિત પ્રગટ થતાં રહે છે. સાથોસાથ ગુજરાત સાહિત્ય સભા, ગુજરાતી સાહિત્ય પરિષદ, પ્રાર્થનાસમાજ, પ્રાંતિક સંસારસુધારાસમાજ, આર્યન બ્રધરહુડ વગેરે સંસ્થાઓના હેવાલો અને કાર્યકર્તાઓના ભાષણો આવતા રહે છે. ‘જ્ઞાનસુધા’માં ગ્રંથાવલોકનનો વિભાગ પણ ધ્યાન ખેંચે તેવો છે. મોટાભાગના ગ્રંથાવલોકનો રમણભાઈએ જ કરેલા છે. ‘કાવ્યમાધુર્ય’, ‘ભગવદ્દગીતા’, ‘ઇન્દ્રકુમાર’, ‘કેટલાક કાવ્યો’, ‘નરસિંહ મહેતાઃ જીવન અને કવન’, ‘શ્રીકૃષ્ણજીવન’, ‘વિદેહ ગુજરાતી સાક્ષરો’, ‘ગુજરાતી નવલકથાનું સાહિત્ય’અને ‘નવલગ્રંથાવલિ’ વગેરે ગ્રંથોના રમણભાઈએ લખેલા અવલોકનો અને તેની સાથે ચાલેલી સાહિત્યિક ચર્ચાઓની અભ્યાસ સામગ્રી પ્રાપ્ત થાય છે. રમણભાઈએ સમકાલીન મહાનુભવોને નિવાપાંજલિ અર્પી છે. તેમાં કેટલીક અવસાનનોંધો ટૂંકા જીવનવૃત્તાંતરૂપ બનેલી હોવાથી માહિતીપ્રદ બની છે.

રમણભાઈ નીલકંઠે ત્રણ દાયકા સુધી આ મુખપત્ર ચલાવીને ગુજરાતનાં સાહિત્ય અને સાંસ્કૃતિક જીવન પર છવાય ગયા હતા. ‘જ્ઞાનસુધા’ની ઉત્પત્તિનું સાધન બનીને ઐતિહાસિક મહત્ત્વ પ્રાપ્ત કર્યું હતું. તેમણે જિંદગીભર પ્રર્થનાસમાજના ધર્મસિદ્ધાંતનું સમર્થન કરીને મૂર્તિપૂજા, વહેમ અને અજ્ઞાનનો તથા હિન્દુ સમાજના કુરિવાજોનો સતત વિરોધ કર્યો હતો. તેમણે ‘વહેમખંડન’અને ‘વ્રત’ જેવી લેખમાળાઓ પણ ચલાવી હતી.

સૂચિકાર ધીરુભાઈ ઠાકરે તૈયાર કરેલું આ પુસ્તક ગુજરાતના સાહિત્ય, સમાજ અને સંસ્કૃતિને લગતા અધ્યયન-સંશોધનમાં ઉપયોગી બની રહે તેટલું મહત્ત્વપૂર્ણ છે. સંપાદકે આ સ્વાધ્યાયસૂચિ લેખસૂચિ અંકવાર, લેખસૂચિ વિષયવાર લેખકસૂચિ અને તખલ્લુસો અંતર્ગત વિભાજિત કરી આપી છે. પ્રત્યેક લેખના શીર્ષકની સામે કૌંસમાં લેખકનું નામ, ભાષાંતર હોય તો તેની વિગત, જે અંક ઉપલબ્ધ ન હોય તેની વિગત, લેખના શીર્ષકની સામે પૃષ્ઠાંક વાચકોની સરળતા ખાતર લેખોનું વિષયવાર વર્ગીકરણ અને અકારાદીક્રમમાં દર્શાવી આપ્યા છે. 'જ્ઞાનસુધા'ના અંકવાર પ્રકાશિત થતી લેખસૂચિમાં ૧૮૯૨થી ૧૯૧૯ના ગાળા દરમ્યાન છપાયેલા લેખકોની સૂચિ મૂકી આપી છે. સંપાદકે અભ્યાસની સગવડ ખાતર તખલ્લુસો જુદાં તારવીને મૂક્યા છે અને કૌંસમાં મૂળ નામ આપ્યા છે. ટૂંકમાં ગુજરાતી સાહિત્યસૂચિઓમાં જોઈએ તેવું ખેડાળ થયું નથી ત્યારે ઠાકરસાહેબે આ પ્રકારની સૂચિ તૈયાર કરીને અમૂલ્ય સેવા બજાવી આપી છે. આથી જ મણિભાઈ પ્રજાપતિ નોંધે છે કે, *"સમગ્રતયા 'જ્ઞાનસુધા' એ તત્કાલિન ગુજરાતનાં પ્રજાજીવનના સાહિત્ય, સમાજ અને સંસ્કૃતિના પ્રવાહોનું સ્વચ્છ પ્રતિબિંબ ઝીલી બતાવે છે. તેથી તેનું અદકેરું મૂલ્ય બની રહે છે."* [૨] આ પ્રકારનું તારણ તેમનું સાર્થક લાગે છે.

સમાલોચક: સ્વાધ્યાય અને સૂચિ

સંપાદક ધીરુભાઈ ઠાકરે 'સમાલોચક: સ્વાધ્યાય અને સૂચિ'(૧૯૮૭)માં પ્રકાશિત કરી હતી. આ પુસ્તકની સૂચિ 'જ્ઞાનસુધા'સામયિક સૂચિની માફક જ સંપાદકે વર્ગીકરણ કરી આપ્યું છે. 'સમાલોચક'ની સ્થાપના ઈ.સ. ૧૮૯૬ના જાન્યુઆરીમાં થઈ હતી. તેના મૂળ સ્થાપક ભગુભાઈ ફત્તેચંદ કારભારી હતા. 'સમાલોચક' ૧૯૧૩ સુધી ત્રૈમાસિક અને ૧૯૧૪ના જાન્યુઆરીથી તે માસિક રૂપે પ્રગટ થતું હતું. 'સમાલોચક'ના તંત્રી તરીકે ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી અને મણિલાલ છબારામ ભટ્ટના નામ શરૂઆતના ચાર વર્ષમાં જોવા મળે છે. ત્યારપછી અંબાલાલ બુલાખીરામ જાની અને ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા પણ તંત્રીસ્થાને જોડાય છે અને સંચાલનની જવાબદારી રમણીયરામ ગોવર્ધનરામ ત્રિપાઠી સંભાળે છે.

'સમાલોચક'ની રૉયલ આઠપેજી કદમાં સારા કાગળ પર સફાઈદાર છપાઈ થતી. તેમાં પ્રસંગોપાત્ત ચિત્રો પણ આવતા હતા. પહેલા ૪૮ પાનાનું વાચન વધીને તે ૧૯૦૪માં ૬૪ પાનાં થયેલા જોવા મળે છે.

'સમાલોચક'નો ઉદ્દેશ જણાવતા ધીરુભાઈ ઉપોદ્‌ઘાતમાં જણાવે છે કે, *"ભારતીય ધર્મ-તત્ત્વજ્ઞાન, ચારે પુરૂષાર્થની આડે આવતા સામાજિક રીતરિવાજો, રાજ્યક્ષેત્રે લોકજાગૃતિ, પાશ્ચત્ય દેશોમાં થતી વ્યાપારીદીની નવી યોજનાઓ વગેરે બાબતોની ચર્ચા કરીને ગુજરાતી વર્ગની યથાશક્તિ સેવા કરવાનો."* [3] આ ઉદ્દેશ અનુસાર 'સમાલોચક'માં ભાષા-સાહિત્યની સાથે ધર્મ-તત્ત્વ, સમાજ, ઈતિહાસ, રાજકારણ, અર્થકારણ અને વેપાર ઉદ્યોગને લગતા વિષયો આવરી લેવાયા છે. પહેલા દસ વર્ષ (૧૮૯૬થી ૧૯૦૫)ના અંકો પર નજર નાખતા સંપાદકે લેખસામગ્રીને વર્તમાન ચર્ચા, વિવાદ, વિશિષ્ટ લેખમાળાઓ, ગ્રંથાવલોકન, સ્ત્રીવાચન વિભાગ, અવસાનનોંધો અને પ્રકીર્ણ એમ સાત વિભાગમાં વર્ગીકરણ કરી આપ્યું છે. દેશમાં બનતી કેટલીક મહત્ત્વની ઘટનાઓ વિશેની સમીક્ષા અહીં જોવા મળે છે. અહીં વિચારક ગોવર્ધનરામના લેખો ઉપરાંત ગોવર્ધનરામ અને દયારામ ગિડુમલ વચ્ચે 'સરસ્વતીચંદ્ર'ના અંત વિશે થયેલો પત્રવ્યવહાર, 'બુદ્ધિપ્રકાશ'અને 'સમાલોચક' વચ્ચે સંસારસુધારા વિષયક ચાલેલો વિવાદ જેમાં ગોવર્ધનરામે 'સાંસારિક મહામંડળ' લેખ લખેલો જેમાં તેમની એક વકીલ તરીકેની વાદકુશળતા છતી થઈ આવે છે.

વિશિષ્ટ લેખમાળાઓ હેઠળ તેમાં પ્રગટ થતાં ધર્મ અને તત્ત્વજ્ઞાનને લગતા સંસ્કૃત ગ્રંથો પર આધારિત શાસ્ત્રચર્ચાના લેખો 'સમાલોચક'નું એક વિશિષ્ટ અંગ બની રહ્યું હતું. જેમાં 'સાંખ્યદર્શન', 'આત્માપરમાત્માવાદ', 'સુજ્ઞ ગોકુલજી ઝાલા તથા વેદાન્ત', 'ધર્મશાસ્ત્રમીમાંસા' અને 'મહાભાષ્યકાર', 'સાક્ષરજીવન', 'પતંજલિનું ચરિત'ની લેખમાળાઓ ધ્યાનપાત્ર બની રહે છે. પુરુષોત્તમ વિશ્રામ માવજીની ૧૯૦૪માં પ્રગટ થયેલી ઈતિહાસવિષયક ત્રણ લેખમાળાઓ 'સમાલોચક'નું એક મહત્ત્વનું અંગ બની રહે છે. જેમાં મરાઠા ઈતિહાસના છૂટા છવાયા પ્રકરણો, સંધ્યા અથવા મરાઠા રાજ્યનો સૂર્યાસ્ત અને હિંદુસ્તાનની ઐતિહાસિક લેખમાળા નોંધપાત્ર છે. શંભુપ્રસાદ એસ.મહેતાની 'ગુર્જર રાતના કવિઓ'માં અખો, પ્રેમાનંદ અને શામળ વિશેના લેખોમાં તત્કાલીન સમાજસ્થિતિના સંદર્ભમાં તે કવિઓ અને તેમના કાવ્યોમાં થયેલી ચર્ચા

અભ્યાસીઓનું ધ્યાન ખેંચે તેવી સામગ્રી બની રહે છે. પ્રેમાનંદના નાટકોના કર્તૃત્વ વિશે અહીં છપાયેલી લેખમાળા ઐતિહાસિક મૂલ્ય ધરાવે છે.

ગ્રંથાવલોકન વિભાગમાં ગ્રંથસ્વીકાર નિમિત્તે કરેલી નોંધોનો સમાવેશ થાય છે. ૧૯૦૨થી 'સમાલોચક'માં સ્ત્રીઓ માટે અલગ વિભાગ શરૂ કરવામાં આવે છે. તેમાં મળતી માહિતી ઉપરથી જોઈ શકાય છે કે આ વિભાગે સારું એવું આકર્ષણ ઉભુ કર્યું હશે. 'પાશ્ચાત્યહાસ્યરસ અને તેનું અંતરદેશીય રૂપાંતર'ના શીર્ષકથી ગોવર્ધનરામે 'ભટનું ભોપાળું'નું કરેલું અવલોકન, 'લલિતાદુઃખદર્શક નાટક અને તેનો પ્રયોગ' એક ગ્રેજ્યુએટ અને 'દયારામના કાવ્ય અને ફારસી શબ્દો' કૃ.મો.ઝવેરી વગેરેના વિવિધ વિષયોના લેખો ઉપયોગી અને રસપ્રદ વાંચન પૂરું પાડે છે. વળી 'સમાલોચક'માં આ ગાળામાં પ્રગટ થયેલી કવિતાનું સ્તર પરંપરાગત સાધારણ જોવા મળે છે. વિદ્યમાન ગુર્જર ગ્રંથકારોની શ્રેણીમાં પ્રગટ થયેલા સાક્ષરોના પરિચયમાં કે.હ.ધ્રુવ અને નરસિંહરાવ દિવેટિયાના નામો ઉલ્લેખપાત્ર બની રહે છે. આ સમયમાં છગનલાલ વિદ્યારામ રાવળ જૂના ગુજરાતી સાહિત્યની અપ્રગટ રચનાઓને કવિ જોગેશ્વર, ન્હાના ભટ્ટ, જમનાબાઈ વગેરેની કવિતાને સંશોધિત કરીને અહીં પ્રથમ વાર પ્રકાશમાં આવે છે.

સામાજિક પ્રશ્નોમાં મિતવાદી વલણ ધરાવતું આ પત્ર રાજકીય વિષયમાં ઉદ્દામ રાષ્ટ્રવાદી વિચારો દર્શાવતું જોવા મળે છે. વર્તમાનચર્ચાની નોંધો મોટાભાગે રમણીયરામ ગોવર્ધનરામ અને ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા લખતા હતા. ગુજરાતી સાહિત્ય પરિષદની સ્થાપનાથી શરૂ કરીને તેના પ્રત્યેક અધિવેશનનો વિગતે હેવાલની સાથે તેની કાર્યવાહીની સમીક્ષા કરે છે. શિક્ષણવિષયક લેખોમાં 'નવી ગુજરાતી વાચનમાળાનું અવલોકન'અને 'યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં ગુજરાતીને સ્થાન' ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે.

સંપાદક ધીરુભાઈ ઠાકરકૃત 'સમાલોચક: સ્વાધ્યાય અને સૂચિ'(૧૮૯૬-૧૯૨૬)એમ ત્રીસ વર્ષ ચાલેલું આ સામયિકમાં ભારતીય પ્રજા જીવન-પ્રવાહના વમળો, વળાંકો તેમજ ઉથલાની પાછળ રહેલા

સાંસ્કૃતિક સાતત્યને સમજવા માટે અભ્યાસકને ઉપયોગી માહિતી મળી રહે તેમ છે. આ સૂચિના ત્રણ વર્ષના અંકો પુ.૫. અંક ૩ (૧૯૦૦-જુલાઈ-સપ્ટેમ્બર); પુ.૩૦, અંક ૧થી ૧૦ (૧૯૨૫-જાન્યુઆરી થી ઓકટોબર)અને પુ.૩૧,અંક ૧૧ (૧૯૨૬ નવેમ્બર) ઉપલબ્ધ નથી. આ સામયિકના ૧૮૯૬થી ૧૯૨૬ સુધીના અંકોની સૂચિ ગુજરાત સાહિત્ય અકાદમીએ પ્રકાશિત કરી છે. જેમાં ગુજરાતી સાહિત્ય અને સંસ્કૃતિનો ઈતિહાસ જળવાયેલો છે. જેમાંથી ઘણી વિગતો જાણવા મળશે. 'સમાલોચક'ની ત્રીસ વર્ષની ફાઈલો કોઈ એક ઠેકાણે સચવાયેલી નથી. સંપાદકે ગૂજરાત વિદ્યાપીઠ, ગુજરાતી સાહિત્ય પરિષદ, મોડાસા કૉલેજના ગ્રંથાલયમાં અને નડિયાદના ડાહીલક્ષ્મી પુસ્તકાલયમાંથી આ ફાઈલો મેળવીને સ્વાધ્યાય સૂચિ પ્રકાશિત કરી આપી છે. ભારતીય પ્રજાના પલટાતા પ્રવાહો, સાંસ્કૃતિક સાતત્યને સમજવા માટે વાચકોને આની સામગ્રી ઉપયોગી બની રહે તેવી સાર્થક છે.

આ ચારેય સામયિકોની સ્વાધ્યાયસૂચિને મૂલવતાં સ્વાધ્યાયશીલ સૂચિકાર ધીરુભાઈ ઠાકર વિશે મણિભાઈ પ્રજાપતિ જણાવે છે કે, *“સમગ્રતયા, એટલું સ્વયં સ્પષ્ટ છે કે આ બધા કોરા સૂચિગ્રંથો નથી, પરંતુ સ્વાધ્યાયશીલ આચાર્યની કઠોર સાધનાના ફળસ્વરૂપે નિષ્પન્ન થયેલ સ્વાધ્યાયનો અર્ક છે, કે જે સંશોધકોને સંતૃપ્ત કરવા ઉપરાંત મૂળ સામગ્રી તપાસી જવા ઉદ્યત કરે છે. આ સાથે એ ધ્યાને રહેવું જોઈએ કે આ સૂચિઓ એક સહાયક જ્ઞાનસાધન તરીકે તેના વિષય નિષ્ણાત દ્વારા તૈયાર કરવામાં આવી છે, નહીં કે ગ્રંથાલય વ્યાવસાયિક દ્વારા. અને તેથી સ્વાભાવિક રીતે તેની રચનામાં કેટલીક શાસ્ત્રીયતા જળવાઈ શકી નથી. આમ છતાં, તેના મૂલ્ય અને ઉપયોગિતા બરકરાર બની રહે છે. આપણાં સૂચિપુરુષ પ્રકાશ વેગડે 'સમાલોચક'ની સૂચિનું અવલોકન કરતાં કાઢેલ તારણ 'એની બધી સૂચિઓ અને વસ્તુનિર્દેશોમાં રચનાની ગંભીર ખામીઓ છે, વળી, એમાં વિવિધ પ્રકારની અસંગતિઓ, દુર્બોધતાઓ અને અપૂર્ણતાઓ પ્રવર્તે છે'ની અવગણના કરી શકાય તેમ નથી. આ જ વાત 'જ્ઞાનસુધા'ને પણ તેટલી જ લાગુ પડે છે. આ સૂચિઓની આ બધી મર્યાદાઓની વચ્ચે પણ ૧૯-૨૦મી સદીના પ્રાયઃ સાડાચાર દસકના સંધિકાળની ઐતિહાસિક-*

સાંસ્કૃતિક દ્રષ્ટિએ ખૂબ જ મૂલ્યવાન સામગ્રીને સ્વાધ્યાય સંદર્ભો સહિત ઉજાગર કરી આપવાનો આ પ્રયાસ આવકાર્ય અને અનુકરણીય બની રહે છે." [૪] આ પ્રકારનું તેમનું મંતવ્ય યોગ્ય બની રહે છે.

અનુવાદક

ધીરુભાઈ ઠાકરે 'સુદર્શન અને પ્રિયંવદા', 'જ્ઞાનસુધા' અને 'સમાલોચક'ની સ્વાધ્યાય અને સૂચિની સાથોસાથ તેમણે અનુવાદ ક્ષેત્રે પણ મહાત્ત્વનું પ્રદાન કર્યું છે. તેમની પાસેથી પ્રથમ 'પ્રવાસી પિરામિડનો'(૨૦૦૬) અને 'સત્યની મુખોમુખ'(૨૦૧૦) એમ બે અનુવાદના પુસ્તકો પ્રાપ્ત થાય છે. જેને વિગતે આપણે જોઈએ.

પ્રવાસી પિરામિડનો

અનુવાદક ધીરુભાઈ ઠાકરે બ્રાઝિલિયન લેખક પાઉલો કોએલ્હોની 'ધી એલ્કેમિસ્ટ' નવલકથાનો કથાવસ્તુનો સંક્ષેપ અનુવાદ 'પ્રવાસી પિરામિડનો' એ શીર્ષકથી કર્યો છે. પાઉલો કોએલ્હોકૃત 'ધી એલ્કેમિસ્ટ' નવલકથા 'બેસ્ટ સેલર' તરીકે વખાણાઈ હતી. અંતઃ પ્રેરણાને વશ થઈને જે પોતાના ચિરસેવિત સ્વપ્નને સિદ્ધ કરવા સારું નીકળી પડે છે તેને જીવનદેવતા અવશ્ય મદદ કરે છે એ વિચારને સુંદર રીતે ચરિતાર્થ કરતી આ અદ્દભુત પરીકથાને વિશ્વભરમાંથી બહોળો વાચકવર્ગ સાંપડ્યો છે. તેનો સંક્ષેપમાં સાર અનુવાદકે કરી આપ્યો છે.

પાઉલો કોએલ્હોને બાળપણથી જ લેખક બનવાની ધગશ હતી. આ માટે તેમણે અનેક સંઘર્ષો કર્યા હતા. ખાસ તો તેમની માતૃભાષા પોર્ટુગીઝ હતી. જેને કશી સાહિત્યિક પરંપરા નથી. આથી આ ભાષામાં સાહિત્ય સર્જન કરવું બહું મુશ્કેલ હતું. તેમ છતાં પાઉલો કોએલ્હોએ અનેક સંઘર્ષો અને સંકટો વેઠીને વિશ્વના શ્રેષ્ઠ લેખકોમાં સ્થાન મેળવ્યું છે. તેમના પુસ્તકો ૫૦ ભાષામાં અનુવાદ થયેલા અને ૧૫૦ દેશોના 'બેસ્ટ

સેલર' પુસ્તકોની યાદીમાં સ્થાન મળેલું છે. પાઉલોએ રચેલા ગીતોની ૫૦ લાખ નકલ બ્રાઝિલમાં વેચાઈ હતી. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી ચૂકેલા આ લેખકને અનેક પારિતોષિકો એનાયત થયેલા છે.

'ધ પિલગ્રિમેજ ટુ સાન્તિયાગો દ કોમ્પોસ્ટેલા' પાઉલોની પ્રથમ કૃતિ છે. આવી વાર્તાઓમાં 'ધી એલ્કેમિસ્ટ-કીમિયાગર' શ્રેષ્ઠ છે. તે દુનિયાની સૌથી વધુ વેચાણ પામેલી છેલ્લા દસકાના છેલ્લાં વર્ષોની નવલકથા ગણાય છે. આ નવલકથાનો ૪૨ ભાષામાં અનુવાદ થયેલો છે અને તેની બે કરોડ નકલો અનેકવિધ દેશોમાં વેચાઈ હતી. આ નવલકથાનો ધીરુભાઈ ઠાકરે માત્ર ૨૩ પૃષ્ઠોમાં એનો સંક્ષિપ્ત સાર આપ્યો છે.

આ વાર્તાનો નાયક સાન્તિયાગો છે. તેની ઈચ્છા ભાગ્ય અજમાવવા દુનિયામાં ભટકવાની હતી. પિતાએ આપેલા ચોવીસ ઘેટાં, એક કોટ અને ત્રણ સુવર્ણસિક્કા લઈને નીકળી પડે છે. બે રાતથી સતત તેને એક જ પ્રકારના સ્વપ્ન આવે છે અને સ્વપ્નમાં બે હાથ પકડીને ઈજિપ્તના પિરામિડ પાસે લઈ જઈને અહીં ગુપ્ત ખજાનો છે એવું કહે છે. પરંતુ છોકરી ચોક્કસ ખજાનો ક્યાં છુપાયો છે એ જગ્યા બતાવવા જતાં જ તે છોકરાની બંને વાર આંખ ઊઘડી જાય છે. ત્યારપછી માણસ પોતાનું લક્ષ્ય સિદ્ધ કરવું હોય, એ માટે ઉત્કટ અને અખૂટ આકાંક્ષા હોય તો આખી દુનિયા તેને મદદ કરવાનો ત્રાગડો રચે એ વિચારથી સાન્તિયાગો ગુપ્ત ખજાનો મેળવવા ઈજિપ્તના પિરામિડ સુધી નીકળી પડે છે. રસ્તામાં તેને અનેક પ્રકારના માણસો સાથેની મુલાકાતથી અવનવા અનુભવોમાંથી પસાર થાય છે. પ્રથમ એક વૃદ્ધ વડીલ, દુકાનદાર, વણઝાર, અંગ્રેજ અને છેલ્લે પિરામિડ નજીક ફાતિમા નામની છોકરી મળે છે. આવા અનેક લોકોમાં તેને શુભસંકેતોનો રસ્તો મળી રહે છે. અંતમાં પોતાના સ્વપ્નના રહસ્ય વિશેની ઈચ્છા પૂર્ણ થતાં લેખક કહે છે કે, *"છોકરો હસ્યો. ખોદવા લાગ્યો. ત્યાં જમીનના તળમાં કશીક કઠણ વસ્તુ સાથે તેનો પાવડો અથડાયો. થોડી વારમાં તેને એક તિજોરી મળી. તેમાં સ્પેનના સુવર્ણસિક્કા ભરેલા હતા. કીમતી રત્નો, શ્વેત અને લાલ પીંછાંથી શોભતાં મહોરા, રત્નજડિત પ્રતિમાઓ અને બીજું ઘણુંબધું હાથ લાગ્યું. છોકરાએ પોતાની પાસેના બે કીમતી પથરા તિજોરીમાં મૂકી દીધા. વૃદ્ધ રાજાની એ સ્નેહભેટ હતી."* [૫] પોતાના સ્વપ્નને સિદ્ધ કરવા જે માણસ નીકળી પડે છે તેને

જીવનદેવતા અવશ્ય મદદરૂપ બને છે. એ પ્રકારનો સંદેશો આપતી આ કથાને ધીરુભાઈએ માત્ર ૨૩ પૃષ્ઠોમાં આલેખી આપી છે. આ નાનકડી પુસ્તિકા એકી બેઠકે વાંચી શકાય તે રીતે સાદી, સરળ ભાષામાં અનુવાદકે અનુવાદ કરી આપી છે. આથી જ આ અનુવાદ સંદર્ભ ડૉ. મીના સોલંકી જણાવે છે કે, *"ધીરુભાઈની આ નાનકડી પુસ્તિકા વાંચતાં કયાંય અનુવાદમાં કચાશ જોવા મળતી નથી, અસ્ખલિત વહેતી વાણીમાં, વાચકને જિજ્ઞાસા જગાડે તેવી તેમની ભાષાશૈલી છે."* [૬] મીના સોલંકીનું આ પ્રકારનું તારણ આ અનુવાદમાંથી પસાર થતાં યથાર્થ લાગે છે.

સત્યની મુખોમુખ

'પ્રવાસી પિરામિડનો' પછી અનુવાદક ધીરુભાઈ ઠાકર પાસેથી 'સત્યની મુખોમુખ' (૨૦૧૦)માં બીજું અનુવાદનું પુસ્તક પ્રાપ્ત થાય છે. ધીરુભાઈ ૧૯૨૮માં લંડન ગયા હતા ત્યારે રિચમંડ લાઈબ્રેરીમાંથી પુસ્તકો લાવીને વાંચતાં હતા. ત્યાં નવા આવેલા પુસ્તકોના કબાટ પર તેમની નજર પડી અને પાબ્લો નેરુદાકૃત 'મેમ્વયર્સ' વાંચવા માટે લઈ લીધું હતું. વિદેશથી ભારત પાછા વળતાં તેમણે તે પુસ્તકની નકલ કઢાવીને પોતાની સાથે લઈ આવ્યા હતા. જે પછીથી તેમણે તેમના ત્રણચાર પ્રસંગોના અનુવાદ કરીને વિવિધ સામયિકમાં પ્રગટ પણ કર્યા હતા. પરંતુ વિશ્વકોશના કામમાં વ્યસ્ત રહેવાને કારણે ધીરુભાઈએ આ પુસ્તકનું અનુવાદ કરવાનું મોકૂફ રાખ્યું હતું. સમય જતાં વિશ્વકોશનો સંપૂર્ણ પ્રકલ્પ પૂર્ણ થતાં અઠ્ઠાવીસ વર્ષ પછી થોડી નવરાશની ક્ષણો મળતા નિજાનંદને ખાતર આ પુસ્તકનું અનુવાદ કરવાનું વિચાર્યું. પરિણામે ૯૨વર્ષની વયે તેમની પાસેથી 'મેમ્વયર્સ'નું 'સત્યની મોખોમુખ' એ શીર્ષકથી અનુવાદ કરીને ગુજરાતી અનુવાદ સાહિત્યમાં નોંધપાત્ર ઉમેરો કરે છે.

અનુવાદક ધીરુભાઈ ઠાકરે પાબ્લો નેરુદાકૃત સ્મરણકથા 'મેમ્વયર્સ'નું 'સત્યની મુખોમુખ'માં પાબ્લોના જીવનના સ્મરણોને સાદી-સરળ ભાષામાં રજૂ કરી આપ્યા છે. બાર પ્રકરણોમાં વહેંચાયેલી આ સ્મરણકથામાં પાબ્લો નેરુદા તેમના સમકાલીનોથી અનેક રીતે કેવા જુદા તરી આવે છે તેનું નિખાલસ ભાવે

નિરૂપણ અહીં જોઈ શકાય છે. પાબ્લોનું જીવન બહુરંગી અનુભવોથી સમૃદ્ધ છે. તેમનામાં વિજ્ઞાનની સૂક્ષ્મ પૃથક્કરણશીલ દ્રષ્ટિ, રાજકારણીની કુશાગ્ર બુદ્ધિ અને સૌથી વિશેષ તો કવિનું સંવેદનશીલ હૈયું હતું. પ્રથમ કાવ્યકૃતિ તેમણે અર્ધી છંદમાં અને અર્ધી રોજની ભાષામાં પોતાની અપરમાતાના વહાલને વ્યક્ત કરતી રોજની ભાષા કરતાં જુદી જ ભાષામાં રચાય હતી. વળી પાબ્લો નેરુદા સાહિત્યિક શત્રુઓના ઈર્ષ્યા અને દ્રેશનો કેવા ભોગ બન્યા હતા તેનું પણ ધીરુભાઈ રસપ્રદ શૈલીમાં આલેખન કરી આપ્યું છે.

માણસના કરતાં કુદરતનો સાથ પાબ્લોને કાવ્યસર્જનમાં વિશેષ મળ્યો છે. જંગલ, વરસાદ, પર્વત, પુષ્પ, વૃક્ષ, પતંગિયુ, દરિયો વગેરેનું આબેહૂબ વર્ણન તેમની આ સ્વજીવનના સ્મરણોમાંથી મળી રહે છે. ચિલીના જંગલનું વર્ણન અનુવાદક ધીરુભાઈએ કેવી સાહજિક શૈલીમાં કરી આપ્યું છે તે જૂઓ, *“જ્વાળામુખીઓની નીચે, હિમાચ્છાદિત પર્વતમાળાની પાસે, વિશાળ સરોવરની વચ્ચે શાંત સુગંધીદાર અટપટું ચિલીનું જંગલ. મારા પગ મૃત સૂકાં પાંદડામાં નીચે ઉતરી જાય છે, એક બરડ ડાળી બટકે છે, તોતિંગ રાઉલી વૃક્ષો રોમાંચક ઊંચાઈએ પહોંચ્યા છે, જંગલની શીતળ હવામાં થઈને એક પક્ષી ઊડી રહ્યું છે, પાંખો ફફડાવે છે અને અંધારી ડાળીઓની વચ્ચે અટકે છે અને પછી, તેના ગુપ્તવાસમાંથી વાંસળી જેવો તીવ્ર મધુર સ્વર કાઢે છે.. સદાહરિત લોરેલની વગડાઉ સુવાસ અને બોલ્ડો વનસ્પતિની શ્યામ સુગંધ મારાં નસકોરાંમાં પ્રવેશીને મારી સમગ્ર હસ્તીમાં ઊભરાય છે.”* [૭] આ પ્રકારની તેમની અનુવાદની શૈલી ચિલીનું અને અન્ય જંગલો, એન્ડીઝ પર્વતમાળામાં કરેલા પ્રવાસમાં, સમુદ્રનું પ્રથમ દર્શન, પુસ્તકો, છીપલા, પૂતળા, નારવેલ, પ્રાણીઓ પ્રત્યેનો તેમનો પ્રેમ હંસ, નોળિયો અને માછલી સાથેના પ્રસંગોના વર્ણનો સમગ્ર પુસ્તકનાં પાને પાને દેખાયા વિના રહેતા નથી જે તેમની અનુવાદક તરીકેની વિશેષતાઓને છતી કરે છે. વળી નેરુદા કવિઓ, રાજકારણીઓ, મિત્રો અને બીજા અનેક માણસોના રેખાચિત્રો આ સ્મરણો ટાંકતી વખતે દોરે છે. તેમાં યોજેલાં રૂપાકોમાંથી ભારોભાર કવિતા નીતરે છે ને કવિતામાંથી માનવપ્રેમ નીતરે છે.

પાબ્લો નેરુદા ‘કલેરિદાદ’ સામયિકના તેમુકો ખાતેના ખબરપત્રી તરીકે જોડાયા હતા ત્યારથી તેઓ સામ્યવાદી વિચારધારા ધરાવતા થયા હતા. સમય જતાં મોસ્કોની મુલાકાત, સ્ટેલિનનો પરિચય વગેરે દ્વારા

લોકસંપર્ક સાધીને કવિતા મારફતે શ્રમજીવી વર્ગના લોકાના દુઃખ, વેદનાને વાચા આપીને પોતાની કવિતાને લોક જાગૃત્તિનું મહત્ત્વનું સાધન બનાવ્યું હતું. મચ્ચું પિચ્ચુંના ખંડેરોમાં કામ કરતાં શ્રમજીવીઓના પ્રવકતા લોર્કાની કતલ પછી નેરુદાની બધી પ્રવૃત્તિ કેવી લોકાભિમુખ બની હતી. ટૂંકમાં પાબ્લોનો સામાન્ય વ્યક્તિથી વિશ્વમાનવ સુધીનો વિકાસ કેવી રીતે થતો રહ્યો તેનું આલેખન ધીરુભાઈએ આ અનુવાદમાં કરી આપ્યું છે.

યુવાનવયમાં પાબ્લો નેરુદાએ લખેલ 'વીસ પ્રેમકાવ્યો અને એક શોકકાવ્ય'માંની અનેક રચનાઓ જુવાન વર્ગમાં લોકપ્રિય બની હતી. આ સંગ્રહની ૧૫ લાખ નકલો વેચાઈ હતી. સઘન વાસ્તવસૃષ્ટિ, પ્રકૃત્તિનો અફાટ વૈભવ અને શ્રમજીવીઓના શોષિત જીવન પર તેમની કવિત્વદ્રષ્ટિ મંડાયેલી જોવા મળે છે. બે વિશ્વયુદ્ધના ગાળામાં બનેલો સ્પેનનો આંતરવિગ્રહ, ક્યૂબાનો બળવો, દક્ષિણ અમેરિકાની રાજકીય ઊથલપાથલ આ સ્મરણોમાં ધીરુભાઈએ રજૂ કરી આપ્યા છે. વળી આ ગાળામાં પાબ્લોના જીવનમાં આવેલો પલટાનો રસપ્રદ ચિતાર પણ અહીં જોવા મળે છે.

નેરુદા સ્વાનુભવકથનમાં તેમજ પોતાના પરિચયમાં આવેલા વ્યક્તિઓના રેખાંકનોમાં અસાધારણ તત્ત્વને ધ્યાનમાં રાખે છે. દિવંગત માતાની રહસ્યમય પેટી, પ્રેમપત્રો, ઘાસની ગંજીમાં સંવનન, જંગલના એકાંત બંગલામાં રહેતી ત્રણ વિધવાઓ, સંખ્યાબંધ સાહિત્યિક અને રાજકારણની વ્યક્તિઓના રેખાંકનો તેના ઉદાહરણરૂપ આપણે જોઈ શકીએ છીએ. સાથે નેરુદા અને લોર્કાનું સ્પેનમાં એક જ સમારંભમાં સન્માન થયું એ પ્રસંગે બંનેએ સંયુક્ત વ્યાખ્યાન આપ્યું હતું. તે વિશેની વિગતો પણ આ સ્મરણકથામાં પ્રાપ્ત થાય છે. વળી નેરુદાએ ચિલીમાંથી દેશવટો પછી આર્જેટિના, ફ્રાન્સ, ઈટાલી વગેરે દેશોમાં કરેલું ભ્રમણ અને ગુપ્તવાસનું કથન-વર્ણન રસપ્રદ બન્યું છે. ચીન અને ભારતની બે વખત લીધેલી મુલાકાતના અનુભવનું વર્ણન માહિતીપ્રદ બન્યું છે. નેરુદાએ બીજી વાર ભારતની મુલાકાત લીધી ત્યારે સરકારી તંત્રનો થયેલો કડવો અનુભવ, નહેરુની મુલાકાત દરમિયાન દર્શાવેલો ઠંડો પ્રતિભાવ પાબ્લોને મૂંઝવણમાં મૂકી દે છે. આમ છતાં સોવિયેત લેન્ડના સ્ટેલિન પારિતોષિક સમિતિના સભ્ય તરીકે તે પારિતોષિક આપવા નહેરુના નામનું સૂચન કરે છે. આવી અનેક માહિતીપ્રદ વિગતો આ સ્મરણકથામાંથી પ્રાપ્ત થાય છે.

પાબ્લો નેરુદાની આ સ્મરણકથામાં પોતાનું વતન ચિલી માટેનો અપાર પ્રેમ વ્યક્ત થયેલો જોઈ શકાય છે. આ સ્મરણકથાના અંતિમ પ્રકરણમાં ચિલીના માણસો, ચિલીનો દરિયો, ચિલીની નદીઓ અને જંગલો વગેરે સાથેના સ્મરણો આબેહૂબ બન્યા છે. નેરુદાને જિંદગીના છેલ્લા દિવસોમાં પોતાની પચાસ વર્ષની મહેનત નિષ્ફળ જતી જોવાનું આવ્યું હતું. ૧૯૭૩માં સપ્ટેમ્બરની ૧૧મી તારીખે ચિલીના લશ્કરે બળવો કર્યો. પ્રમુખ અયેન્દેના મહેલ પર બોંબમારો થયો. ૨૩મી સપ્ટેમ્બરે નેરુદાનું અવસાન થયું હતું. તેમના અવસાન પછી સાન્તિયાગોનું ઘર લૂટાયું. સરકારે તેમની અંતિમ યાત્રા કાઢવા પર પ્રતિબંધ મૂક્યો છતાં ચિલીની પ્રજાએ આ મહાન કવિને ચિરવિદાય આપવા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જે નવી સરકાર સામે એક પ્રકારનું વિરોધ-પ્રદર્શન પણ હતું.

આ અનુવાદમાં ધીરુભાઈએ પાબ્લોના સ્મરણો અવસાનના વર્ષ સુધી લખાયા હતા તેનો સંપૂર્ણ અનુવાદ કરીને તેમના જીવનનો સમગ્ર કાર્યકાળ આવરી લીધો છે. કૂલ બાર પ્રકરણમાં આ આત્મકથાને અનુવાદ કરીને પાબ્લો નેરુદાના જીવનના અનેક કુતૂહલપ્રેરક પ્રસંગોને પ્રત્યક્ષ કરી આપ્યા છે. આ સ્મરણો સળંગ સંકલિત અનુભવકથારૂપે કહેલા નથી તેનો સ્વીકાર તો ખુદ પાબ્લોએ પણ કર્યો છે. પરંતુ અનુવાદકે અહીં મૂકેલા વ્યક્તિચિત્રો અને ઘટનાઓ લેખકના જીવનનો ક્રમબદ્ધ ચિતાર ઊભો થઈ શકે તે રીતે ગોઠવી આપ્યા છે. જે ધીરુભાઈની અનુવાદક તરીકેની વિશેષતાઓને ઉજાગર કરી આપે છે. આથી જ આ અનુવાદના સંદર્ભ ગોવિંદભાઈ રાવલ કહે છે કે, *"મુ. શ્રી ધીરુભાઈએ કરેલો આ અનુવાદ એ અનુવાદકળાનો ઉત્તમ નમૂનો છે. નેરુદાનું આ ગદ્યકાવ્યઝરણું અનુવાદને કારણે ક્યાંય ખંડિત થતું નથી. ગુજરાતી ભાષામાં પણ કેટલી ધીંગી બલિષ્ઠતા છે, અભિવ્યક્તિની ક્ષમતા છે ! તેનો આ એક સુંદર નમૂનો છે. આવું અમૂલ્ય નજરાણું આપણને ગુજરાતી બાનીમાં આપવા બદલ આપણે સૌ સાહિત્યરસિકો મુ. શ્રી ધીરુભાઈના આભારી છીએ."* [૮] 'મેમ્વયર્સ' મૂળ સ્પેનિસ-અમેરિકન ભાષામાં લખાયેલું આ પુસ્તકનો અંગ્રેજી અનુવાદ હાર્ડી સેન્ટ માર્ટિને કર્યો હતો. આ પુસ્તકને કેન્દ્રમાં રાખીને બને તેટલી નજીકથી મૂળ વકતવ્યને વફાદાર રહીને ગુજરાતી ભાષામાં ધીરુભાઈએ સુલભ કરી આપ્યું છે. આથી સમગ્ર અનુવાદમાં કથનનો પ્રવાહ અસ્ખલિત

અને સંપ્રત્યાયન સરળ રહ્યું છે. આ અનુવાદના અંતમાં ધીરુભાઈએ ત્રણ પરિશિષ્ટો મૂકી આપ્યા છે. જેમાં પરિશિષ્ટ એકમાં જીવનાનુક્રમ જેમાં પાબ્લોની સર્જનપ્રવૃત્તિની પૂર્તિરૂપ વિગતો રજૂ કરી આપી છે. પરિશિષ્ટ બેમાં નોબેલ પરિતોષિક સ્વીકાર અભિભાષણ અને પરિશિષ્ટ ત્રણમાં પાબ્લો નેરુદાની કેટલીક કૃતિઓ મૂકી આપી છે. આમ અનેક વિશેષતાઓથી ભરપૂર આ પુસ્તક ગુજરાતી અનુવાદ સાહિત્યમાં કીમતી ઉમેરારૂપ બની રહે છે.

સંપાદન

સંપાદક ધીરુભાઈ ઠાકર પાસેથી ૧૫ જેટલા સ્વતંત્ર અને ૧૦ અન્યના સહકારમાં મળીને કુલ ૨૫ સંપાદનો મળી રહે છે. ધીરુભાઈ ઠાકરે પંડિતયુગના ગણનાપાત્ર સર્જક મણિલાલ દ્વિવેદી પર સંશોધન કરીને પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી હતી. ત્યારપછી પણ તેઓ મણિલાલના સમગ્ર સાહિત્ય સર્જન વિશે અધ્યયન-સંશોધન કરતાં રહ્યા હતા. ધીરુભાઈએ પોતાના મહાનિબંધના પૂર્વે પણ 'મણિલાલની વિચારધારા'(૧૯૪૮)અને 'મણિલાલના ત્રણ લેખો'(૧૯૪૯)માં બે સંપાદનો ગુજરાતી સાહિત્યમાં સુલભ કરી આપ્યા હતા. ત્યારપછી વિવિધ સમયાંતરે તેમણે 'કાન્તા'(૧૯૫૪), નૃસિંહાવતાર(૧૯૫૫), જયભીખ્ખું વાર્તાસૌરભઃ ૧-૨'(૧૯૫૫), 'ચૌલાદેવી' સંક્ષિપ્ત(૧૯૫૬), 'ધૂમકેતુ વાર્તાસૌરભઃ ૧-૨'(૧૯૫૮), 'આત્મનિમજ્જન'(૧૯૫૯), 'કરુણપ્રશસ્તિ કાવ્યો'(૧૯૭૦), 'મણિલાલ નભુભાઈ દ્વિવેદીનું આત્મવૃત્તાન્ત'(૧૯૭૯), 'મારી હકીકત'(૧૯૮૩), 'મ.ન..દ્વિવેદી સાહિત્યશ્રેણી ૧થી ૮'(૧૯૯થી ૨૦૦૨), 'સિદ્ધાંતસારનું અવલોકન'(૨૦૦૪)અને 'નાટ્યતાલીમના નેપથ્યે'(૨૦૦૫)એમ દસ જેટલા વ્યક્તિગત સંપાદનો તેમની પાસેથી મળે છે. આમાંથી 'નાટ્યતાલીમના નેપથ્યે'ને આપણે ધીરુભાઈ ઠાકરનું નાટ્યક્ષેત્રે પ્રદાન પ્રકરણમાં જોઈ ગયા છે તેથી તેનું અહીં પુનરાવર્તન કરવાનું ટાળ્યું છે. એ સિવાયના સંપાદનોનો વિગતે અભ્યાસ કરીએ.

મણિલાલની વિચારધારા

'મણિલાલની વિચારધારા' (૧૯૪૮)માં પ્રગટ થયેલું ધીરુભાઈ ઠાકરનું પ્રથમ સંપાદન છે. આ સંપાદનમાં સંપાદકે મણિલાલના ધર્મ, ગૃહ, રાજ્ય અને સાહિત્ય વિષયક લખાણોમાંથી ૭૫ લેખો પસંદ કરીને સંપાદિત કરી આપીને આ પુસ્તક સુલભ કરી આપ્યું છે. મણિલાલના સમયની સાંસ્કૃતિક પરિસ્થિતિ, સ્વધર્મરક્ષા અને લોકસુધારણા જેવા નિબંધોનો સમાવેશ અહીં કરવામાં આવ્યો છે. આ સંપાદનનો ઉદ્દેશ ખાસ તો 'સુદર્શન ગ્રંથાવલિ'ની ખોટ પૂરી પાડવા તરફનો રહ્યો હોવાનું સંપાદક જણાવે છે. સંપાદકે જે-તે લેખોમાં કાપકૂપ કરી છે ત્યાં ફૂદડીના નિશાન વડે દર્શાવી આપ્યું છે. વળી જ્યાં પાઠફેર હોય ત્યાં મૂળપાઠને વફાદાર રહીને રજૂ કરવાનો તેમનો પ્રયાસ રહ્યો છે. ધીરુભાઈએ 'સુદર્શન'અને 'પ્રિયંવદા'ની ફાઈલો ઉથલાવીને મહત્ત્વના લેખોનો અહીં સમાવેશ કરી આપ્યો છે. સંપાદનના આરંભમાં સંપાદકે એકવીસ પૃષ્ઠના 'ઉપોદ્‌ઘાત'માં લેખનું પસંદગીનું ધોરણ, જે લેખ-નિબંધનો સમાવેશ કર્યો નથી તેનું કારણ વગેરેને દર્શાવી આપ્યું છે. જે ધીરુભાઈને એક સફળ સંપાદક તરીકે ઉપસાવી આપે છે.

આ સંપાદનના નિબંધોને વાચનક્ષમ બનાવવાના હેતુથી ધીરુભાઈ જણાવે છે કે, *"મૂળમાંથી અહીં લેવામાં આવેલ બધા જ નિબંધોની ભાષા યથાતથ જાળવવાની કાળજી રાખી છે. તેમ છતાં, હાલના વાચક વર્ગને એકધારી શુદ્ધ જોડણી સુગમ થઈ પડે તે હેતુએ અહીં તહીં તરી આવતી અમુક અશુદ્ધ અને બેહૂદી જોડણીને, લેખકની વાક્છટા કે શૈલીની વિશિષ્ટતાને હાનિ ન પહોંચે તેવી રીતે, સમારી લેવામાં આવી છે."* [૯] આ પ્રકારના તેમના મંતવ્યમાં આપણને સંપાદનનો ઉદ્દેશ, ધોરણ અને પદ્ધતિનો ખ્યાલ કેવો સ્પષ્ટ છે તે જોઈ શકાય છે. ત્યારપછી મણિલાલનું ધર્મચિંતનમાં અદ્વૈતનિરૂપણ, તત્ત્વવિચાર, અધિકાર, અધ્યાત્મવિદ્યા જેવા પેટાશીર્ષક હેઠળ લેખોનું વર્ગીકરણ કરીને સ્વધર્મનું શિક્ષણકાર્યને રજૂ કરીને તેમના વ્યક્તિત્વના વિવિધ પાસાંને સંપાદકે ઉજાગર કરી આપ્યા છે. આગળ તેઓ જણાવે છે કે, *"મણિલાલના વ્યક્તિત્વનું સૌથી વિશેષ સમુજ્જ્વલ અંગ તેમનું ધર્મચિંતન છે. ધર્મ અને પ્રેમ તેમના જીવનનાં બે મુખ્ય લક્ષ્યસ્થાનો હતાં."* [૧૦]

એવું તારણ સંપાદક નોંધે છે. ધર્મસુધારણાની સાથે સાહિત્યક્ષેત્રમાં પણ મણિલાલને વાદ-વિવાદમાં ચઢવું પડ્યું હતું તેની વાત સંપાદકે 'ગુજરાતના લેખકો'માં કરી આપી છે. આ વાદશૈલીના નમૂના અધિકાર પ્રાર્થના, અદ્રેતજીવન, સનાતન હિંદુ ધર્મ જેવા લેખોમાં જોઈ શકાય છે.

સંપાદકને મણિલાલની ગદ્યશૈલી અપ્રતિમવાક્છટાવાળી તેજસ્વી લાગી છે. અને મણિલાલે *"લોકસુધારણાના સ્વહેતુને સિદ્ધ કરવા સારૂં ઉદ્‌બોધનાત્મક વ્યાખ્યાનશૈલીનો ઉપયોગ કર્યો છે."* [૧૧] એવું મંતવ્ય તેઓ આપે છે. સાથે મણિલાલની ગદ્યશૈલીની તુલના નર્મદની ગદ્યશૈલી સાથે કરી આપીને મણિલાલનું ગદ્યપ્રભુત્વ સિદ્ધ કરી આપ્યું છે. ટૂંકમાં સંપાદકે આ સંપાદનમાં 'ઉપોદ્‌ઘાત'માં મણિલાલ દ્વિવેદીને એક સફળ નિબંધકાર તરીકે ઉપસાવી આપવાનું વલણ રાખ્યું છે તેમાં સફળ થતાં જણાય છે. આ માટે સંપાદકે ઉઠાવેલી જહેમત જેમ કે મણિલાલ પરના લખાણો, તેના વિશે કરેલી નોંધો, ગુજરાત વિદ્યાસભાના મકાનમાં પડેલી 'સુદર્શન', 'પ્રિયંવદા', 'જ્ઞાનસુધા', 'વસંત' અને 'સમાલોચક' વગેરે સામયિકોની ફાઈલો ઉથલાવીને તેના લખાણોની સમયાનુંક્રમ યાદી તૈયાર કરી ગ્રંથસ્થ ન થયા હોય તેવા લખાણોની નોંધ સંપાદકે અહીં કરી આપી છે. જે ધીરુભાઈને એક સફળ સંપાદક તરીકે ઉપસાવી આપે છે.

મણિલાલના ત્રણ લેખો

સંપાદક ધીરુભાઈ ઠાકરનું 'મણિલાલના ત્રણ લેખો'(૧૯૪૯)માં પ્રગટ થયેલું બીજું મહત્ત્વનું સંપાદન છે. પ્રથમ સંપાદનમાં મણિલાલના ધર્મ, રાજ્ય અને ગૃહ વિષયક લખાણોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જ્યારે આ સંપાદનમાં 'અભ્યાસ', 'પૂર્વ અને પશ્ચિમ' અને 'નારી પ્રતિષ્ઠા' એમ ત્રણ લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ત્રણેય લેખો કદમાં મોટા હોવાથી પ્રથમ સંપાદનમાં ધીરુભાઈએ સમાવેશ કર્યો નહોતો. 'ઉપોદ્‌ઘાત'માં તેઓ જણાવે છે કે, *"સુદીર્ઘ પ્રસ્તારવાળા એ ત્રણે લેખો નિબંધને બદલે સળંગ લેખમાળારૂપે રચાયેલ પ્રબંધના આકારના છે."* [૧૨] એ હેતુને ધ્યાનમાં રાખીને આ સંપાદન તેમણે સુલભ કરી આપ્યું છે. *"મણિલાલના ગદ્યલેખોનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ જાળવવાનો હેતુ બર આવે છે."* [૧૩] એવી સ્પષ્ટતા

કરીને આ ત્રણેય નિબંધોના સંદર્ભ મણિલાલની વિચારસૃષ્ટિને પ્રમાણવાનો પ્રયાસ ધીરુભાઈએ કરી આપ્યો છે.

ધીરુભાઈ ઠાકરે 'સુધારક' મણિલાલના પ્રદાનને અવલોકતા જણાવે છે કે, *"પશ્ચિમનું આંધળું અનુકરણ કરી સુધારક તરીકે ખપેલા કેળવાયેલા વર્ગને સ્વધર્મ ભણી વાળવાની સક્રિય પ્રવૃત્તિ ભલે નર્મદથી શરૂ થઈ, પણ એ પ્રવૃત્તિનો સાચો વિકાસ તો મણિલાલે અહીં નિરૂપેલા સુધારાના તાત્ત્વિક સ્વરૂપથી જ થયો છે એમાં શંકા નથી."* [૧૪] એવું તારણ સંપાદકે તારવી આપ્યું છે.

કાન્તા

સંપાદક ધીરુભાઈ ઠાકરે મણિલાલ દ્વિવેદીકૃત 'કાન્તા'(૧૯૫૪) અને 'નૃસિંહાવતાર'(૧૯૫૫) એ બે નાટકોનું સંપાદન કરી આપ્યું હતું. ધીરુભાઈ ઠાકર જીવનપર્યંત નાટ્યપ્રવૃત્તિ સાથે સંકળાયેલા રહ્યા હતા જે અહીં તેમના આ પ્રકારના સંપાદન પરથી ખ્યાલ આવે છે. આ સંપાદનથી તેમની નાટ્યરુચિને સાથે મણિલાલ દ્વિવેદીના નાટ્યસર્જનને મૂલવવા તરફ રહ્યું છે. ઠાકરસાહેબે સમકાલીઓને પૂર્વસુરિના સર્જનથી વાકેફ રાખવાની સાહિત્યિક ફરજથી અને ભૂલાતા સાહિત્યગ્રંથો પુનર્જીવિત કરવાના આશયથી ધીરુભાઈએ આ સંપાદનો કરી આપ્યા છે. પંડિતયુગમાં શુદ્ધ અભિનેય નાટકોમાં 'કાન્તા'નું અગ્રગણ્ય સ્થાન હતું. એવો અભિપ્રાય આપીને સંપાદકે આ નાટકની ત્રણ આવૃત્તિઓ પ્રસિદ્ધ થઈ હોવા છતાં ચોપન વર્ષ પછી સંપાદન કરી આપ્યું છે. આ સંપાદનમાં સંપાદકે 'કાન્તા' નાટક વિશે થયેલી વિવેચના, એની ભજવણી તેમજ અન્ય વિગતોને પણ આ સંપાદનમાં વિગતે વાત રજૂ કરી આપી છે. *"મણિલાલને લેખક તરીકે ગુજરાતી સાહિત્યમાં સૌપ્રથમ સત્કાર અપાવનાર 'કાન્તા' નાટક છે."* [૧૫] સંપાદક એવો અભિપ્રાય આપીને આ નાટકનું સાહિત્યિક મૂલ્યને ઉજાગર કરી આપ્યું છે. મણિલાલ દ્વિવેદી નાટકની પ્રસ્તાવનામાં જણાવે છે કે, *"આ નાટક ઐતિહાસિક છે એમ ન જ ધારવું પણ એ એક કલ્પિત પ્રકરણ છે એમ સમજવું."* [૧૬] એવું જણાવીને આ નાટકમાં આવતા પાત્રોના નામ બદલ્યા હોવાનું નોંધે છે. ત્યારે આ જ પ્રસ્તાવનામાં મણિલાલથી નામનો જે

ગોટાળો રહી રહી ગયેલો તેની નોંધ પણ ધીરુભાઈએ સમ્પાદકીયમાં કરી આપી છે. જે ધીરુભાઈની સંપાદક તરીકેની સૂઝનો પરિચય આપણને પ્રાપ્ત થાય છે. પ્રસ્તુત આવૃત્તિમાં લેખકની ભાષાની વિશિષ્ટતાને આંચ ન આવે તે રીતે અશુદ્ધિઓ ગાળી નાખીને જોડણીની એકરૂપતા જાળવીને નાટકની શુદ્ધ એટલે કે મૂળને બને તેટલી વફાદાર વાચના ઊભી કરવાનો પ્રયત્ન કર્યો છે. એવું તારણ આપીને ધીરુભાઈએ આ નાટકમાં પ્રયોજેલ પદ્યની સૂચિ પણ દર્શાવી આપી છે. જે સંપાદક ધીરુભાઈ ઠાકરની નિરીક્ષણ કરવાની સૂઝની પ્રતીતિ કરાવી આપે છે.

નૃસિંહાવતાર

ધીરુભાઈ ઠાકરનું 'નૃસિંહાવતાર'(૧૯૫૫)માં પ્રગટ થયેલું ચોથું સંપાદન છે. આ નાટક મણિલાલ પાસેથી 'મુંબઈ ગુજરાતી નાટક મંડળી'એ પાંચસો રૂપિયામાં ખરીદી લીધું હતું અને નાટકના પ્રકાશનનો સર્વ હક મંડળીએ પોતાની પાસે રાખ્યો હતો. આથી ગુજરાતી નાટ્યજગતમાં આ નાટક અપ્રગટ રહેવા પામ્યું હતું. ત્યારપછી ધીરુભાઈ ઠાકરે આ નાટક મૂળજીભાઈ પી.શાહ દ્વારા સ્વ. જગજીવનદાસ દયાળજી મોદી પાસેથી આ નાટક ખરીદીને ૧૯૫૫માં સંપાદન કરી આપીને નાટ્યસાહિત્યમાં એક નોંધપાત્ર નાટકનો ઉમેરો કરી આપ્યો હતો. આ સંપાદનમાં આરંભે ધીરુભાઈએ મણિલાલના સંસ્કૃત નાટ્યસાહિત્યના ઊંડા અભ્યાસનો ઉલ્લેખ કરી આપ્યો છે. ત્યારપછી આ નાટકની હસ્તપ્રતમાં રહેલી નાનકડી ભૂલો પણ સંપાદકે દર્શાવી આપી છે. સંસ્કૃત નાટકના અભ્યાસી મણિલાલ જ્યારે નાટક લખે છે ત્યારે સંસ્કૃતનાટ્યધાટીને અનુસરતા નથી પણ પશ્ચિમના પ્રભાવ તળે નાટક રચે છે. એમાં મણિલાલની નાટ્યકાર તરીકેની વિશેષતા છે. એવું તારણ તેઓ તારવી આપે છે. આ સંપાદન પાછળનો ઉદ્દેશ ધીરુભાઈ ઠાકરનો નાટ્યરસ અને મણિલાલને નાટ્યકાર તરીકે ઉપસાવી આપવા તરફ રહ્યું છે. આ ઉદ્દેશ નાટકના સંપાદન થકી સફળ થઈ આવે છે.

જયભિખ્ખું વાર્તાસૌરભ: ૧-૨

ધીરુભાઈ ઠાકરસંપાદિત 'જયભિખ્ખુ વાર્તાસૌરભ: ૧-૨'(૧૯૫૫)માં પ્રગટ થયું હતું. આ સંપાદનમાં સંપાદકે તત્કાલીન ટૂંકી વાર્તાની એક ધારાને દર્શાવી આપવાના ઉપક્રમે આ સંપાદન કરી આપ્યું છે. આ વાર્તાસૌરભના પ્રથમ ભાગમાં ૧૩ અને બીજા ભાગમાં ૧૨ એમ કુલ ૨૫ વાર્તાઓને પસંદ કરીને સંપાદિત કરી છે. વાર્તાકાર જયભિખ્ખુના ૧૯૪૪થી ૧૯૫૪ સુધીમાં વિવિધ વાર્તાસંગ્રહો પ્રકાશિત થયા હતા જેવા કે 'ઉપવન', 'ગુલાબ અને કંટક', 'વીરધર્મની વાતો', 'યાદવાસ્થળી', 'પારકા ઘરની લક્ષ્મી', 'માદરેવતન', લાખેણી વાતો', કંચન અને કામિની' અને 'વીરધર્મની વાતો' ભાગ ૨-૩-૪માંથી પસંદ કરીને વાર્તાસંગ્રહનું સંકલન કરી આપ્યું છે.

આ સંપાદનમાં સમાવેશ પામેલી વાર્તાઓ જયભિખ્ખુની વાર્તાકલાનો વૈવિધ્યપૂર્ણ પરિચય કરાવે છે. અહીં સંપાદકે 'વનરાજ', 'ગુર્જરચક્રવર્તીનો ન્યાય', 'અમાનત' જેવી ઈતિહાસકથાને કેન્દ્રમાં રાખતી વાર્તાઓ, લોકકથા અને દંતકથા કે જેમાં સત્યનું નિરૂપણ કરેલું હોય તેવી ઈતિહાસને વર્ણવતી 'રાજ્યનો ઢોલી', 'બહુરૂપી', 'સાંપૂ સરોવર' વગેરે અહીં પ્રાપ્ત થાય છે. સાથે ધીરુભાઈએ જયભિખ્ખુની કેટલીક ઉત્તમ પુરાણકાળની વાર્તાઓને પણ અહીં સ્થાન આપ્યું છે. તેમાં કેટલીક શૌર્યકથાઓ, દેશપ્રેમને સમાજજીવનના વાસ્તવિક રૂપોને પ્રગટ કરતી વાર્તાઓને દર્શાવીને તેમની વાર્તાકલાનો પરિચય કરાવ્યો છે.

વાર્તાકાર જયભિખ્ખુ વાર્તાના વસ્તુવિકાસ માટે અનેકવિધ પ્રસંગો યોજીને વાર્તાની બાંધણી કેવી કરી આપીને પાત્ર, પ્રસંગ, કે વાતાવરણને કેવો યોગ્ય ન્યાય આપે છે. તેની વાત સંપાદકે પ્રસ્તાવનામાં રજૂ કરી આપીને વાર્તાકાર જયભિખ્ખુની વિશેષતાઓને ઉજાગર કરી આપી છે. આ પ્રકારના સંપાદન પરથી ધીરુભાઈની સાહિત્યિક રુચિને સાથે તેમનું જયભિખ્ખુ પ્રત્યેનું મમત્વ પણ દર્શાવી આપે છે.

ધૂમકેતુ વાર્તાસૌરભઃ ૧-૨

ધીરુભાઈ ઠાકરનું વાર્તાવિષયક બીજું મહત્ત્વનું સંપાદન તે 'ધૂમકેતુ વાર્તાસૌરભઃ ૧-૨'(૧૯૫૮)માં પ્રગટ થયું હતું. આ સંપાદન મુંબઈ રાજ્યના કેળવણી ખાતાના ધોરણ-૮ના ઈતરવાચના યોજના અન્વયે તેમણે આ સંપદાન કર્યું હતું. આ સંપાદન પ્રથમ ૧૯૫૮, ૧૯૬૪, ૧૯૬૯ એમ ત્રણ વાર પુનઃ મુદ્રણ થયું હતું. આ વાર્તાસૌરભમાં ધીરુભાઈએ ધૂમકેતુની ૧૪ વાર્તાઓ પસંદ કરીને સંકલિત કરી આપી છે. ધોરણ-૮ના વિદ્યાર્થીઓ ધૂમકેતુના વિપુલ વાર્તાભંડારમાંથી પસંદીત વાર્તાઓ વાંચીને યોગ્ય મૂલ્યાંકન કરે એવા ઉદ્દેશને ધ્યાનમાં રાખીને આ સંપાદન સુલભ કરી આપ્યું છે. સાથે ધીરુભાઈએ 'વાર્તા અને વાર્તાકાર' શીર્ષક હેઠળ સંપાદકે જિજ્ઞાસુ વાર્તારસિકો માટેની રસપ્રદ વાતો અને ટૂંકી વાર્તાના ઉદ્દભવ-વિકાસની પીઠિકાનું પણ નિરૂપણ કરી આપ્યું છે.

ધીરુભાઈએ ધૂમકેતુની પસંદીત વાર્તાઓમાં 'તાતિઓ ભીલ', 'ગોવિંદનું ખેતર', 'પાર્કર પેન', 'નાક નેક ને નોક', 'જોગીરાજ', 'એક ભૂલ', 'દોસ્તી', 'સોનેરી મોર', 'પાણી માટે પણ પાણીપત', 'છેવટે કાઢ્યું', 'બહારવટિયામાંથી બહાદુર સૈનિક', 'ગુમ થયેલી તસવીર', 'માર્સેલા' અને 'જુમો ભિસ્તી' જેવી વાર્તાઓનો સમાવેશ કર્યો છે. આ પ્રકારની વાર્તાઓની પસંદગીથી આપણને ખ્યાલ આવે છે કે સંપાદકે અહીં ધૂમકેતુની ભાવનાત્મક અને વાસ્તવપ્રધાન એમ બે પ્રકારની વાર્તાઓને સ્થાન આપ્યું છે. આ સંપાદન ધોરણ-૮ના વાર્તાપ્રિય વિદ્યાર્થીઓને ગુજરાતી ટૂંકી વાર્તાઓનું સ્વચ્છ અને સુઘડ સ્વરૂપ ધૂમકેતુએ ઘડી આપ્યું તેનો પરિચય કરાવતું બની રહે છે. જે આ સંપાદનમાંથી પસાર થતાં આપણને ખ્યાલ આવે છે. સાથે ગુજરાતી નવલિકામાં નવો વળાંક આપનાર વાર્તાકાર ધૂમકેતુની સિદ્ધિઓને સમજવામાં પણ આ સંપાદન ફળદાયી બની રહે તેવું સાર્થક બન્યું છે. 'ધૂમકેતુ વાર્તાસૌરભ'ના સંપાદનમાં ગુજરાતી ટૂંકી વાર્તાના પ્રારંભના સર્જકની નમૂનારૂપ વાર્તાઓ અને ધૂમકેતુની વાર્તાકલાને સાહિત્યરસિક સુધી પહોંચડવાની ભાવના છે. તે સંપાદકનો ઉદ્દેશ ફળીભૂત થતો દેખાય આવે છે.

આત્મનિમજ્જન

ધીરુભાઈ ઠાકરે મણિલાલ નભુભાઈ દ્વિવેદીકૃત 'આત્મનિમજ્જન' કાવ્યસંગ્રહનું ૧૯૫૯માં સંપાદન કરી આપ્યું હતું. આ કાવ્યસંગ્રહ સૌપ્રથમ ૧૯૯૫માં પ્રગટ થયો હતો ત્યારે તેમાં ચાલીસ કાવ્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સંપાદનમાં ધીરુભાઈ ઠાકરે મણિલાલના પંદર કાવ્યોનો સમાવેશ નહોતો થયો તેનો સમાવેશ કરીને પ્રકાશિત કરી આપે છે. આથી આ સંપાદન આપણને મણિલાલના બધા જ કાવ્યો આ સંપાદનમાંથી પ્રાપ્ત થાય છે. સંપાદકે નવેસરથી આ સંપાદન કરતી વખતે કાવ્યસંગ્રહની મૂળ આવૃત્તિની યોજનામાં કેટલાક ફેરફાર કરી આપ્યા છે. મણિલાલના કાવ્યના ઝૂમખાંને રચનાના સમય અનુસાર ગોઠવીને દર્શાવી આપ્યા છે. સાથે 'અભેદોર્મિ'અને 'પ્રેમજીવન'ના વિભાગના ક્રમ બદલીને મૂકી આપ્યા છે. વળી મૂળમાં પ્રસ્તાવના અને ટિકાને વિભાગવાર અલગ રાખ્યાં હતા તેને 'પ્રેમજીવન', 'અભેદોર્મિ' અને 'અત્મનિમજ્જન'ની પ્રસ્તાવનાઓને પ્રારંભમાં સંપાદકે એક સાથે મૂકી આપી છે. ત્યારપછી મણિલાલના બધા કાવ્યોને એકત્ર ગોઠવી આપ્યા છે. અંતમાં સંપાદકે મણિલાલની પહેલા બે વિભાગના કાવ્યો વિશેની ટિકાને સળંગ દર્શાવી આપી છે. સાથે આ સંપાદનમાં ધીરુભાઈએ સવાસો પાનાંની 'તત્ત્વદર્શિની' ટીકા મૂકી આપી છે અને ત્રણ પરિશિષ્ટો પણ સંપાદકે જોડી આપ્યા છે. આ બધી ઝીણવટભરી વિગતોનો સંપાદકે ખ્યાલ રાખીને આ સંપાદન કરી આપ્યું છે તે સંપાદક ધીરુભાઈ ઠાકરની વિશેષતાને ઉજાગર કરી આપે છે.

કરુણપ્રશસ્તિ કાવ્યો

સંપાદક ધીરુભાઈ ઠાકરે ૧૯૭૦માં 'કરુણપ્રશસ્તિ કાવ્યો'માં ૧૭ જેટલા કરુણપ્રશસ્તિ કાવ્યો પસંદ કરીને સંપાદન કર્યું હતું. જેની બીજી આવૃત્તિ જૂજ શાબ્દિક ફેરફાર સિવાય ૨૦૧૦માં થઈ હતી. આ સંપાદનના ઓગળીસ પૃષ્ઠોમાં વહેંચાયેલા ઉપોદ્‌ઘાતમાં કરુણપ્રશસ્તિ કાવ્યનો ઉદ્દભવ, તેનું સ્વરૂપ, લક્ષણો અને ગુજરાતીમાં થયેલો તેનો પ્રયોગ વગેરે બાબતોને ધીરુભાઈએ વણી લીધી છે. આ સંપાદનનો ઉદ્દેશ ગુજરાતી સાહિત્યમાં આ પ્રકારના કાવ્યોનો આલેખ આપવા તરફ તેમનું વલણ જોવા મળે છે. વળી

પશ્ચિમમાં ઉદ્દભવેલા કરુણપ્રશસ્તિના કાવ્ય સ્વરૂપની ચર્ચાની સાથે દલપતરામથી પ્રાંજલ સુધીના કાવ્યોનો સમાવેશ સંપાદકે કર્યો છે.

ગુજરાતી કરુણપ્રશસ્તિ કાવ્યોનું સંપાદન ઓછું જોવા મળે છે ત્યારે આ પ્રકારનું સંપાદન ગુજરાતી સાહિત્યમાં આગવું સ્થાન પ્રાપ્ત કરે છે. ધીરુભાઈએ અહીં ઈતિહાસ અને કાવ્યતત્ત્વને આધારે દલપતરામ, ન્હાનાલાલ, નરસિંહરાવ, ભોળાનાથ, બ.ક. ઠાકોર, ઉમાશંકર જોશી અને સુન્દરમ્ જેવા કવિઓની કરુણરચનાઓ પસંદ કરીને આ કાવ્યોનું એક આગવું સ્વરૂપ રજૂ કરી આપ્યું છે.

આ સંપાદનમાં ગ્રંથસ્થ થયેલા કરુણપ્રશસ્તિઓ વિશે જોઈએ તો ધીરુભાઈએ દલપતરામકૃત ‘ફાર્બસવિરહ’ને સૌપ્રથમ મૂકી આપીને તેમાં આવતા દાદુર, ચારઠ, નેહનિધાકર, નાગપાશપ્રબંધ વગેરે શબ્દોના અર્થો સંપાદકે સમજાવી આપ્યા છે. કવિ ત્રિભુવનકૃત ‘કલાપીનો વિરહ’ એ કલાપીના અવસાન નિમિત્તે રચાયેલું કાવ્ય છે જે ૧૭૯ પાનાંનું છે, પણ ધીરુભાઈએ અહીં તેનું સંક્ષેપીકરણ કરીને મૂકી આપ્યું છે. સાથે તેમાં આવતું છંદવૈવિધ્યની ચર્ચા સંપાદકે નોંધી આપી છે. દલપતરામ પ્રત્યેના અપાર સ્નેહથી પ્રેરાયને ન્હાનાલાલે લખેલું ‘પિતૃતર્પણ’ કાવ્ય યાદગાર બની રહે છે. આ કાવ્યના સંદર્ભ સંપાદક નોંધે છે કે, *“માતપિતાની ઉદાત્ત પ્રશસ્તિ, ઉત્તરોત્તર ઊંચે જતી ઊર્મિમાલામાં રણકતો અનુતાપ, સહજસ્ફુર્ત કલ્પનોમાં વીંટાઈને પ્રગટ થતું ચિંતન અને છેવટે તેજ શરીરમાં થતું સ્વજનોનું દર્શન ‘પિતૃતર્પણ’ને ન્હાનાલાલના જ નહીં, પણ આપણી ભાષામાં એ પ્રકારના કાવ્યોમાં શ્રેષ્ઠ ઠરાવે છે.”* [૧૭] એવું તારણ તેમનું ધ્યાનપાત્ર બની રહે છે. આગળ નરસિંહરાવ દિવેટિયાના પુત્ર નલિનકાન્તના અવસાન નિમિત્તે લખાયેલું ‘સ્મરણસંહિતા’, બ.ક.ઠાકોરના પરમ મિત્ર કાન્તના પ્રથમ પત્ની નર્મદા ભટ્ટના અવસાન વિષયક લખાયેલું ‘આ.સૌ.નર્મદા ભટ્ટ’, ઉમાશંકર જોશીકૃત ‘સદ્દગત મોટા ભાઈ’, ખબરદારે પોતાની પુત્રીના અવસાન પ્રસંગે લખેલું ‘તેમિનાને’ ચંદ્રકાન્તકૃત ‘ગાઢ નીંદર’, મનસુખલાલ ઝવેરીનું ‘આજ નયનો! રડો!’ અને સુંદરમકૃત ‘અગ્નિવિરામ’ ધ્યાન ખેંચે છે.

સમગ્ર સંપાદનમાંથી પસાર થતાં અહીં જોવા મળે છે કે સંપાદકે 'મિતાક્ષરી'માં દરેક કરુણપ્રશસ્તિ વિશે નોંધ લખી આપી છે. જે એ કાવ્યોને સમજવામાં અવશ્ય મદદરૂપ થાય છે. વળી ધીરુભાઈએ ગુજરાતી કરુણપ્રશસ્તિ કાવ્યોની સાથે પાશ્ચત્ય સાહિત્યની 'એલજી' સ્વરૂપ ધરાવતી અને કેટલીક સમાન લાગતી કરુણપ્રશસ્તિઓ જેવી કે 'એલિજી રિટન ઈન એ કન્ટ્રી ચર્ચયાર્ડ', 'ઈન મેમોરિઅમ', 'એડોનેઈસ', 'લિસિડેસ', 'થર્સિસ' અને 'વેન ધિ લાઈલેક્સ લાસ્ટ ઈન ધિ ડોરપાર્ડ બ્લૂમ્ડ'નું મૂલ્યાંકન કરી આપ્યું છે. કરુણપ્રશસ્તિ કાવ્યની વિભાવનાની સાથે તેના સામાન્ય લક્ષણો પણ તારવી આપવાનું સંપાદક ચૂકયા નથી. આથી જ આ સંપાદન પરત્વે ડૉ.મીના સોલંકી જણાવે છે કે, *"આ સંપાદન જોતાં સ્ત્રી કરતાં પુરૂષજાતિની વ્યક્તિઓ પર કરુણપ્રશસ્તિકાવ્યો વિશેષ લખાયેલા છે. જુદા જુદા સમયગાળામાં લખાયેલા આ શોકકાવ્યોની ભાષા, છંદવૈવિધ્ય તથા ભાષાભિવ્યક્તિના વળાંકો સંપાદકે નોંધ્યા છે. શ્રી ધીરુભાઈ ઠાકરે આ પુસ્તકનાં ચયન દ્વારા સ્વજનના મૃત્યુનો આઘાત, તેની કરુણજન્ય પરિસ્થિતિ તથા સંવેદનની સચ્ચાઈનો રણકાર સંભળાવ્યો છે."* [૧૮] આ પ્રકારનું તારણ યોગ્ય બની રહે છે. આમ છતાં નોંધવું જોઈએ કે બ.ક. ઠાકોરકૃત 'અ.સૌ નર્મદા ભટ્ટ' કરુણપ્રશસ્તિ કાન્તના પહેલા પત્ની નહીં પણ બીજા પત્ની નર્મદા-ન્હાની સંદર્ભે લખાઈ છે જે સંપાદકની જાણ બહાર રહી ગયું છે. વળી ડૉ.મીના સોલંકીએ પણ પોતાના શોધનિબંધમાં કાન્તના પ્રથમ પત્નીનો જ ઉલ્લેખ કર્યો છે જે અહીં નોધવું રહ્યું. ટૂંકમાં આ સંપાદનમાં સંપાદકે વીસમી સદીના ગાળામાં ગુજરાતી કવિતામાં થયેલા ચિંતનમિશ્ર શોકકાવ્યોના પ્રયોગોનું અવલોકન કરી આપ્યું છે.

મણિલાલ નભુભાઈ દ્વિવેદીનું આત્મવૃત્તાન્ત

સંપાદક ધીરુભાઈ ઠાકરે મણિલાલ નભુભાઈ દ્વિવેદીનું આત્મવૃતાંન્ત(૧૯૭૯)માં પ્રગટ કરીને મણિલાલના જીવનની સંપૂર્ણ છબિ પ્રસ્તુત કરી આપી છે. ખાસ તો મણિલાલની અર્ધપ્રગટ આત્મકથા એના મૂળરૂપમાં સંપાદિત કરીને મણિલાલના જીવન અને સાહિત્યનો નવી પેઢીને પરિચય કરાવવાનો ઉદ્દેશ ધીરુભાઈનો રહ્યો છે. સંપાદકે આ આત્મકથા મેળવીને માત્ર પ્રકાશિત જ કરી આપી નથી પરંતુ સંપાદકીયમાં

હસ્તપ્રતનું વિગતે વિવરણ કરી આપ્યું છે. આ સંપાદનમાં મૂળ હસ્તપ્રતને અનુસરીને પહેલા અઠ્ઠાવીસ વર્ષને આવરી લેતો સળંગ હેવાલ વિભાગ પ્રથમ 'પૂર્વકથા' શીર્ષક હેઠળ અને બાકીના ભાગને વિભાગ બીજા તરીકે 'ડાયરી' મથાળું આપીને મૂકી આપેલ છે. આમ કરવાનું કારણ બને ત્યાંસુધી સાહિત્યરસિકોને મણિલાલના જીવનનો સંપૂર્ણ ચિતાર આપવાનો ઉપક્રમ ધીરુભાઈએ રાખ્યો છે. મૂળ લખાણને સંપાદકે યથાતથ જાળવી રાખ્યું છે. એકાદબે સ્થળે આવતાં વ્યક્તિનામને બાદ કરતાં લેખકે કરેલ લખાણને અહીં સંપાદકે અક્ષત સ્વરૂપમાં પ્રગટ કરી આપ્યું છે. વળી લેખકની વાક્યરચના કે શબ્દપ્રયોગ વગેરેમાં સરતચૂક થઈ હોય તેમાં પણ ધીરુભાઈએ મોટા કૌંસમાં મૂકીને સુધારો કરી આપ્યો છે. સંપાદકે મૂળને વફાદાર રહેવાના હેતુથી મણિલાલના લખાણની જોડણીમાં કોઈ ફેરફાર કર્યો નથી. આ આત્મકથાના અંતમાં તેમણે ચાર પરિશિષ્ટોનો સમાવેશ કર્યો છે. જેમાં પરિશિષ્ટ એકમાં આત્મવૃત્તાંત પ્રસિદ્ધિ અંગેના કેટલાક ચર્ચાપત્રો, પરિશિષ્ટ બેમાં મ.ન. દ્વિવેદી ઉપરના પ્રેમપત્રો, પરિશિષ્ટ ત્રણમાં શ્રી અંબુભાઈ પુરાણીનો પત્ર અને પરિશિષ્ટ ચારમાં સ્વ. માનશંકર પી. મહેતાએ સ્વ. પુરાણી પર લખેલો પત્રો અને ચર્ચાનો સમાવેશ કરી આપ્યો છે. સાથે ટિપ્પણ આપવાનું પણ તેઓ ચૂક્યા નથી. આથી જ આ સંપાદન પરત્વે પ્રફુલ રાવલ નોંધે છે કે, *"આ સંપાદનમાં એમનો પરિશ્રમ, નિસ્બત, અભ્યાસવૃત્તિ અને સાહિત્યપ્રીતિ અછાનાં રહેતા નથી."* [૧૯] આ પ્રકારનો તેમનો અભિપ્રાય સાર્થક ઠરે છે.

મારી હકીકત

ધીરુભાઈ ઠાકરે 'મારી હકીકત' આત્મકથાનું પ્રકાશન ૧૯૮૩માં કર્યું હતું. ત્યારપછી સંપાદકે અન્ય આત્માકથાનાત્મક લખાણોના પ્રકાશન ત્રીજી આવૃત્તિ હેઠળ ૨૦૦૮માં ધીરુભાઈએ કરી આપ્યું છે. આ સંપાદનની કૂલ ત્રણ આવૃત્તિ અને ૨૦૧૫માં ત્રીજી આવૃત્તિનું પુનર્મુદ્રણ થયું હતું તે આ સંપાદનની લોકપ્રિયતા દર્શાવી આપે છે. 'મારી હકીકત' ખુદ નર્મદે છાપેલી પરંતુ તેના મૃત્યુ પછી 'ગુજરાત પ્રેસ'ના સંચાલક સ્વ. નટવરલાલ ઈચ્છારામ દેસાઈ આ આત્મકથાને પ્રકાશમાં લાવ્યા હતા. સ્વ. નટવરલાલ

દેસાઈએ જ 'ઉત્તરનર્મદચરિત્ર' સંપાદિત કર્યું હતું. કવિ નર્મદે છપાવેલી આ આત્મકથાની મૂળપ્રત અત્યારે ઉપલબ્ધ નથી, પણ નર્મદની નકલ પરથી ગુજરાતી પ્રેસે જે 'મારી હકીકત' આત્મકથા પ્રસિદ્ધ થઈ હતી તેને પ્રમાણભૂત ગણીને સંપાદક ધીરુભાઈ ઠાકરે મારી હકીકત અને અન્ય આત્મકથાત્મક લખાણો ઈ.સ. ૧૯૮૩માં નર્મદના મૃત્યુ પછી પચાસ વર્ષે સંપાદિત કરી આપ્યા છે. સંપાદક ધીરુભાઈ ઠાકરે કરેલા આ સંપાદનમાંથી પસાર થતાં નર્મદના જીવનમાં બનેલી કેટલીક ઘટનાઓ, એ ઘટનાઓના સાક્ષીઓ, તેમની સાથેના સંબંધોનું સાચું પ્રમાણભૂત આલેખન આપવા માટે નર્મદને લગતી હકીકતો, ડાયરી, નર્મપત્રધારા, કવિતા વિશે, ધર્મધ્યાન વિશે, પરિશિષ્ટો અને ઉપોદ્‌ઘાત-ટીપ્પણો જોડીને નર્મદની 'મારી હકીકત'નું શુદ્ધ સ્વરૂપ ધીરુભાઈએ ઉપલબ્ધ કરાવી આપ્યું છે. સંપાદકે નર્મદાશંકરની કેટલીક છૂટક નોંધો 'ડાયરી' વિભાગમાં અવકાશતરંગ અને આંતરિક સ્થિતિ એમ બે મથાળાં હેઠળ મૂકી આપી છે. 'નર્મપત્રધારા'માં જદુનાથજી મહારાજ, નવલરામ, કરસનદાસ માધવદાસ, હીરાચંદ કાનજી, નંદશંકર મહેતા અને એક લેણદાર એમ સાત પત્રો ૧૮૬૩-૧૮૭૦ના સમયગાળાના પત્રો સંપાદકે મૂકી આપ્યા છે. ધીરુભાઈએ સંમ્પાદકીયમાં જણાવે છે કે, *"જોડણી બાબતમાં એકધારું ધોરણ એ પ્રતમાં જોવા મળતું નથી."* [२०] સાથે એક શબ્દની બે જોડણી જોવા મળે છે તેની પણ ધીરુભાઈએ ઉદાહરણો આપીને નોંધ કરી આપી છે. વળી પ્રકરણો માટે નર્મદે વિરામ શબ્દ વાપર્યો હતો જે સંપાદકે યથાતથ રાખ્યો છે. આમ કરવાનું કારણ વાચકને નર્મદનું પોતાનું જ લખાણ સળંગ વંચાય એવી ગોઠવણી કરી આપવા તરફ સંપાદકનું રહ્યું છે. સાથે ધીરુભાઈ ત્રીજી આવૃત્તિના સંપાદકીય નોંધમાં જણાવે છે કે, *"મૂળ લખાણની બને તેટલા નજીક રહેવાનો લોભે 'ગુજરાતી' પ્રેસની પ્રતને જ નજર સમક્ષ રાખી છે. તેમ કરતાં જોડણી અને અનુસ્વારની અતંત્રતા યથાતથ રહેવા પામી છે. જે ભાષાશુદ્ધિના આગ્રહીને ખૂંચે. પણ તે ઝીણી વાત થઈ. એકંદરે નર્મદની ભાષા આબેહૂબ સચવાઈ રહી છે તે છેલ્લે મૂકેલી ભાષાપ્રયોગોની સૂચિ પરથી સમજાશે. તળપદી સુરતી બોલીના પરિચય ઉપરાંત વ્યાકરણ, વાક્યરચના, વ્યુત્પત્તિ અને સંસ્કૃત, અંગ્રેજી અને તળપદો અભ્યાસ સૂચવતા અનેક પ્રયોગો ભાષાના અભ્યાસીઓને રસ પડે તેવા છે."* [२१] આ પ્રકારનો અભિપ્રાય જ સંપાદકની વિશેષતાને ઉજાગર કરી આપે છે.

આ સંપાદનના અંતમાં ધીરુભાઈએ ત્રણ પરિશિષ્ટો મૂકી આપ્યા છે. જેમાં પરિશિષ્ટ ૧માં નર્મદના જીવનના છેલ્લા અગિયાર વર્ષનો સુસંકલિત સ્મરણરૂપ હેવાલ છે. પરિશિષ્ટ ૨માં કવિ નર્મદના ગ્રંથોની સૂચિ સાલવારી સાથે મૂકી છે. છેલ્લા પરિશિષ્ટ ૩માં નર્મદ-ચરિત્ર-સામગ્રી ગ્રંથસ્થ કરી આપી છે. અંતમાં ટિપ્પણો, જીવનરેખા અને કેટલાક વિશિષ્ટ ભાષાપ્રયોગોની નોંધ લઈને આ સંપાદનને બને તેટલું શાસ્ત્રીય બનાવી આપ્યું છે. પ્રસ્તુત સંપાદન ધીરુભાઈએ નર્મદ વિશે થયેલા છેલ્લામાં છેલ્લા સંશોધનને લક્ષમાં રાખીને કરી આપ્યું છે. જેની ખાતરી સંપાદકે અહીં મૂકેલા ટીપ્પણો, ઉપોદ્‌ઘાત, વિશિષ્ટ ભાષા યાદી તેમજ આત્મકથાના આરંભે મૂકેલો ‘આત્મકથાનો પ્રથમ પ્રયોગ’ લેખ જોતાં આપણને થાય છે.

મ. ન. દ્વિવેદી સાહિત્યશ્રેણી ૧થી ૮

પંડિતયુગના નોંધપાત્ર સર્જક, ચિંતક એવા મણિલાલ નભુભાઈ દ્વિવેદીના અવસાનના સો વર્ષ નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ આપવાના ઉદ્દેશથી ‘મ. ન. દ્વિવેદી સાહિત્યશ્રેણીઃ ૧થી ૮’નું આયોજન ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા કરવામાં આવ્યું હતું. આ અન્વયે સંપાદક ધીરુભાઈ ઠાકરના હસ્તે ઈ.સ. ૨૦૦૨માં ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા મ.ન. દ્વિવેદી સાહિત્યશ્રેણીમાં મણિલાલના તમામ લખાણો આઠ ગ્રંથોમાં સંગ્રહિત કરીને પ્રકાશિત કરવામાં આવ્યા હતા. મ.ન. દ્વિવેદી સાહિત્યશ્રેણીમાં ખંડ ૧થી ૮માં ધીરુભાઈએ પ્રથમ ખંડમાં કાન્તા અને નૃસિંહાવતાર, બીજામાં સિદ્ધાંતસાર અને પ્રાણવિનિમય, ત્રીજામાં આત્મનિમજ્જન (સંપૂર્ણ કાવ્યસંગ્રહ ટીકા સહિત), ચોથામાં આત્મવૃત્તાંન્ત અને ગુલાબસિંહ, પાંચમાં ખંડમાં સુદર્શન ગદ્યગુચ્છ -૧માં ધર્મ અને તત્ત્વજ્ઞાન, છઠ્ઠામાં સુદર્શન ગદ્યગુચ્છ-૨માં સમાજ, શિક્ષણ અને રાજ્ય, સાતમાં સુદર્શન ગદ્યગુચ્છ-૩માં સાહિત્ય અને કલા અને આઠમાં ખંડ સુદર્શન ગદ્યગુચ્છ-૪માં બાળવિલાસ અને પ્રકીર્ણ લેખોનો સમાવેશ કરીને સંપાદકે સંપાદન કરી આપ્યું છે.

સંપાદક ધીરુભાઈ ઠાકરે મ.ન. દ્વિવેદી સાહિત્યશ્રેણી ગ્રંથ-૧ (૧૯૯૯)માં મણિલાલના બે મૌલિક નાટકો ‘કાન્તા’ અને ‘નૃસિંહાવતાર’ ગ્રંથસ્થ કરીને સંપાદન કર્યું છે. આ પૂર્વે મણિલાલનું ‘કાન્તા’ નાટકની

પાંચ આવૃત્તિઓ પ્રસિદ્ધ થઈ ચૂકી હતી અને આ છઠ્ઠી આવૃત્તિ છે. સંપાદક પોતાના પીએચ.ડી માટેનો મહાશોધનિબંધ તૈયાર કરતાં હતા ત્યારે 'નૃસિંહાવતાર' નાટકની લેખકના હસ્તાક્ષરની પ્રત સ્વ. જગજીવનદાસ દયાળજી મોદી પાસેથી શ્રી મૂળજીભાઈ પી. શાહની મારફતે ખરીદી હતી. આ હાથપ્રતનો નમૂનો સંપાદકે પોતાના સંશોધનગ્રંથમાં મૂકી આપ્યો છે. આ નાટકો પ્રગટ કરવાનો સંપાદકનો ઉદ્દેશ મણિલાલને નાટ્યસર્જક તરીકેની વિશેષતા અને મણિલાલ દ્વિવેદીના અભ્યાસીઓને નાટ્યક્ષેત્રે સંશોધન કરનારને ઉપયોગી બની રહે તે છે. ભવિષ્યમાં મણિલાલ ઉપર તેમજ સાહિત્યરસિકોને માર્ગદર્શનરૂપ બને તેવું આ સંપાદન પુસ્તક બની રહે છે.

મ.ન. દ્વિવેદી સાહિત્યશ્રેણી ગ્રંથ-૨ (૧૯૯૯)માં પ્રગટ કર્યો હતો. જેમાં મણિલાલના 'સિદ્ધાંતસાર' અને 'પ્રાણવિનિમય' એ બે ગ્રંથો મારફતે મણિલાલના ધર્મચિંતનને રજૂ કરી આપવાનો ઉપક્રમ સંપાદકે રાખ્યો છે. 'સિદ્ધાંતસાર'માં દુનિયાના બધા ધર્મોનું મૂળ એક છે અને તે આર્યાવર્તમાં છે એ એમનું મુખ્ય પ્રતિપાદન બની રહે છે. 'પ્રાણવિનિમય'માં મણિલાલના ગુપ્તવિદ્યાના રસનું મૂર્ત પરિણામ છે. એ જમાનામાં ચિત્તવિજ્ઞાનનું સાહિત્ય તેમણે ઉપલબ્ધ કરી યોગસિદ્ધિના સમર્થન માટે ઉપયોગ કર્યો હતો એવું તારણ સંપાદક તારવી આપે છે.

મ.ન. દ્વિવેદી સાહિત્યશ્રેણી ગ્રંથ-૩(૨૦૦૦)માં પ્રકાશિત થયો હતો. અહીં સંપાદકે મણિલાલનો 'આત્મનિમજ્જન' કાવ્યસંગ્રહનું સંપાદન મૂકી આપ્યું છે. મણિલાલનો આ કાવ્યસંગ્રહ મણિલાલે પોતે જ ઈ.સ.૧૮૯૫માં પ્રગટ કર્યો હતો. ત્યારપછી મણિલાલે ૧૮૯૫-૧૯૯૮ના સમયગાળામાં લખાયેલા અન્ય કાવ્યોનો સમાવેશ કરીને તેમના નાના ભાઈ માધવલાલે પ્રગટ કરી આપ્યો હતો. સંપાદકે ત્યારબાદ ૧૯૫૯માં મૂળ આવૃત્તિની યોજનામાંથી કેટલાક ફેરફાર કરીને સંપાદિત કરેલ છે. અહીં ધીરુભાઈએ બીજી આવૃત્તિમાં સમાવેશ ન પામેલ એવા 'ઉમંગતરંગ', 'પ્રેમપત્ર', 'વાંચતાં', 'મેહુલી', 'પ્રેમનો પ્રથમ અનુભવ', 'આવી ન આજ તક પતીયાં', 'રૈન કરે ન સખીયાં', પ્રેમમાં નેમ', મનને ઉપદેશ' અને 'કર્તવ્ય' જેવા દસ કાવ્યો જે 'સુદર્શન ગદ્યાવલી' અને માધવલાલની બીજી આવૃત્તિમાં સમાવેશ પામ્યા નહોતા તેને સામેલ

કરીને આ સંપાદન કરી આપ્યું છે. સંપાદકે મૂળકૃતિના કાવ્યના ઝૂમખાંને અહીં સમય અનુસાર ગોઠવી આપ્યા છે. વળી 'હું એકલો ભટકું', 'કિસ્મત દગાબાજી', પ્રેમનો પ્રથમ અનુભવ'ના શીર્ષકો ધીરુભાઈએ મૌલિકપણે મૂકી આપ્યા છે. બીજા કાવ્યોના શીર્ષકો મૂળ પ્રમાણેના છે. પરિશિષ્ટ-૧માં 'અમર આશા' વિશે ગાંધીજીનું વિવેચન, પરિશિષ્ટ-૨માં પાઠાંતરોની તપસીલ અને પરિશિષ્ટ-૩માં કાવ્યોની રચનાના ક્રમ પ્રમાણે આનુપૂર્વી સંપાદકે આપેલ છે. ધીરુભાઈએ 'તત્ત્વદર્શિની' એવા શીર્ષક હેઠળ સળંગ ટીકાઓ સહિત દરેક કાવ્યની રચનાનો સમય, પ્રસંગ, તેની પ્રસિદ્ધિ અંગેની હકીકતો 'મિતાક્ષરી' નોંધમાં મૂકી આપી છે. જે કવિતાનું રહસ્ય ખોલી આપવામાં અને લેખકના જીવનસંદેશ અને કાવ્યસર્જન વચ્ચેનો સંબંધ સમજવામાં મદદરૂપ થાય તેવું સાર્થક નીવડ્યું છે.

ધીરુભાઈ ઠાકરે આનંદશંકર ધ્રુવના પુત્ર ધ્રુવભાઈ ધ્રુવ પાસેથી મણિલાલના આત્મવૃત્તાંત હસ્તપ્રત લઈને ઈ.સ. ૧૯૭૯માં પ્રકાશિત કરી હતી. જેનો સમાવેશ તેમણે અહીં મ.ન. દ્વિવેદી સાહિત્યશ્રેણી-૪ (૨૦૦૧)માં ગ્રંથસ્થ કરી આપી છે. નવલકથાના કરતાં પણ વિશેષ મસાલેદાર સામગ્રી આ સત્યકથામાં જોવા મળે છે એવું સંપાદકીયમાં ધીરુભાઈ જણાવે છે. ત્યારપછી આ આત્મકથાને સંપાદકે 'પૂર્વકથા', 'ડાયરી' અને 'પરિશિષ્ટ' એવા ત્રણ વિભાગમાં વહેંચી આપ્યું છે. જેમાં પ્રથમ બે વિભાગમાંથી આપણને મણિલાલ ઉપરના અક્ષરજીવનની અધિકૃત માહિતીની ઝાંખી મળી રહે છે. પરિશિષ્ટમાં સંપાદકે મણિલાલના પ્રેમપત્રો, આત્મવૃત્તાંતના પ્રકાશન અંગેના પત્રો ચર્ચાપત્રો મૂકી આપ્યા છે. આ ત્રણેય વિભાગોમાં ધીરુભાઈએ મણિલાલના જીવનની, વ્યક્તિત્વની, સંસારજીવનની અને સાહિત્ય, ધર્મ, અધ્યાત્મક્ષેત્રની સિદ્ધિઓ વિશે વિપુલ માહિતી મળી રહે તેવી છે. વળી આત્મકથામાં મણિલાલથી વાક્યરચના અને શબ્દપ્રયોગમાં સરતચૂક રહી ગઈ હોય તેને સંપાદકે સુધારો કરીને મોટા કૌંસમાં કરીને શુદ્ધિપત્રક પણ રજૂ કરી આપ્યું છે જે તેમની સંપાદક તરીકેની વિશેષતાને રજૂ કરે છે.

આજ સાહિત્યશ્રેણીમાં સંપાદકે મણિલાલે લોર્ડ લિટનકૃત 'ઝેનોની' આધારે મણિલાલે 'ગુલાબસિંહ' નવલકથા ૧૯૯૭માં પ્રગટ કરી હતી તેનું સંપાદન કરીને અહીં સમાવેશ કર્યો છે. 'ઝેનોની'માં નિરૂપિત

તત્ત્વજ્ઞાન ગુજરાતીમાં ભારતીય દર્શનનું સ્વરૂપ ધારણ કરે છે. તે મણિલાલની રૂપાંતરકલાની નોંધપાત્ર સિદ્ધિ સંપાદક ગણાવે છે. 'ગુલાબસિંહ'ની આ છઠ્ઠી આવૃત્તિ છે. બધી આવૃત્તિઓમાં નાનામોટા પાઠફેર જોવા મળે છે. એટલે અહીં સંપાદકે હાલ પ્રચલિત જોડણીને અનુસરવાનું રાખ્યું છે અને કયાંક મણિલાલના કેટલાક વિશિષ્ટ પ્રયોગો અપવાદરૂપ યથાતથ જાળવી રાખવાનો ઉપક્રમ રાખ્યો છે. સમગ્ર રીતે આ સંપાદનને જોતાં ધીરુભાઈ મણિલાલની અનુવાદકલાની અનેક વિશેષતાઓને છતી કરે છે.

મ.ન. દ્વિવેદી સાહિત્યશ્રેણી ભાગ-૫(૨૦૦૨), મ.ન. દ્વિવેદી સાહિત્યશ્રેણી ભાગ-૬(૨૦૦૩), મ.ન. દ્વિવેદી સાહિત્યશ્રેણી ભાગ-૭(૨૦૦૪) અને મ.ન. દ્વિવેદી સાહિત્યશ્રેણી ભાગ-૮(૨૦૦૭)માં સંપાદકે મણિલાલનું સમગ્ર સાહિત્ય પ્રકાશિત કરવાની યોજના અંતર્ગત 'સુદર્શન ગદ્યાવલી'નું સંપૂર્ણ સ્વરૂપ અહીં સુલભ થાય છે. સંપાદકે 'સુદર્શન ગદ્યગુચ્છ'ના પ્રથમ ભાગમાં મણિલાલના ધર્મ અને તત્ત્વજ્ઞાન વિભાગના લેખોનો સમાવેશ કરીને તત્ત્વનિષ્ઠ ચિંતક, પ્રભાવશાળી ગદ્યકાર અને ઉત્કૃષ્ટ કોટીના નિબંધકાર તરીકે મણિલાલને મૂલવવાનો પ્રયાસ સંપાદકે રાખ્યો છે. 'સુદર્શન ગદ્યગુચ્છ' બીજા ભાગમાં ધીરુભાઈએ મણિલાલના સમાજ, શિક્ષણ અને રાજ્ય વિશેના લેખોનો સમાવેશ કર્યો છે. અહીં મણિલાલના મહાન બૌદ્ધિક પુરુષાર્થનો પરિચય કરાવીને મણિલાલે ગુજરાતમાં જ નહિ પણ સમસ્ત પશ્ચિમ હિંદમાં સમાજસુધારકોમાં કેવું આગવું સ્થાન પ્રાપ્ત કર્યું હતું તેને ઉજાગર કરી આપ્યું છે. 'શિક્ષણ' વિભાગમાં મણિલાલે તત્કાલીન શિક્ષણપ્રથાનું જે અવલોકન કર્યું હતું તેની વિગતે માહિતી મળી રહે છે. 'સુદર્શન ગદ્યગુચ્છ' ત્રણમાં સંપાદકે 'સંગીત', 'ગુજરાતનાં લેખકો' જેવી લેખમાળાઓ અને 'ગ્રંથાવલોકન' જેવા વિભાગમાં અનુક્રમે મણિલાલના સાહિત્ય અને કલા વિશેના ગદ્યલેખોનો અને લેખકે ૨૪૦પુસ્તકોના જે અવલોકનો કર્યા હતા તેમાં મણિલાલના ગ્રંથ સમીક્ષાનું સાર્થક્ય સંપાદકે છતું કરી આપ્યું છે. મણિલાલ અવસાન બાદ આનંદશંકર ધ્રુવે 'સુદર્શન ગદ્યાવલી' રૂપે સંગ્રહિત કરેલા મણિલાલના લખાણોનો ભાગ 'સુદર્શન ગદ્યગુચ્છ' ચારમાં 'લોકવૃત્ત' શીર્ષકથી મૂકેલા છે. તેમાં મણિલાલના 'સુદર્શન' માસિકમાંના 'લોકવૃત્ત' વિભાગમાં કરેલા લખાણોનો આ સંગ્રહ છે. જેમાં ધર્મસિદ્ધાંત અને ધાર્મિક સંસ્થાને લગતી બાબતો, શિકાગોમાં ભરાયેલા સર્વ ધર્મોના

સમાજોના અધિવેશન, વિવેકાનંદે અમેરિકામાં પાડેલા પ્રભાવની, હિંદુઓ વિશે અમેરિકામાં ચાલતા ઘૃણાત્મક અપ્રચાર વિશે વગેરે વિષયો તેમજ અન્ય સામયિકોમાં ચર્ચાયા હોય તેને લગતી સંક્ષિપ્ત નોંધો મણિલાલે આ વિભાગમાં મૂકી આપી હતી. જેમાં મણિલાલની જાગ્રત બુદ્ધિ, બહુશ્રુતતા અને અદ્વૈતનિષ્ઠાનો અણસાર વ્યક્ત થાય છે. આ નાનકડા વિભાગના સંપાદન થકી ધીરુભાઈએ મણિલાલના વ્યક્તિત્વનો ખરો ઉન્મેષ રજૂ કરી આપ્યો છે.

સંપાદક ધીરુભાઈ ઠાકરનો મણિલાલના સમગ્ર સાહિત્યને નવે સ્વરૂપે પ્રગટ કરવાનો અહીં ઉપક્રમ પૂર્ણ થાય છે. આ સાહિત્યશ્રેણીમાંથી પસાર થાત મણિલાલે ચાળીસ વર્ષના ટૂંકા આયુષ્યમાં ગુજરાતી ભાષા, સાહિત્ય અને ધર્મચિંતન પરત્વે તેમણે કરેલું પ્રદાન કેટલું વિપુલ અને સમૃદ્ધ રહ્યું હતું તેની સવિસ્તર માહિતી અભ્યાસકને મળી રહે તેમ છે. વળી સંપાદક ધીરુભાઈ ઠાકરે આ ગ્રંથશ્રેણી દ્વારા મણિલાલના વિવિધ સાહિત્યિક પાસાંને રજૂ કરી આપ્યા છે જે તેમની સંપાદક તરીકેના દ્યોતક નીવડ્યા છે.

સિદ્ધાંતસારનું અવલોકન

મણિલાલ નભુભાઈ દ્વિવેદીના 'સિદ્ધાંતસાર'ને અનુલક્ષીને કાન્તે પત્રરૂપે લખેલ અવલોકનગ્રંથ 'સિદ્ધાંતસારનું અવલોકન' એ નામે ઈ.સ.૧૯૨૦માં પ્રસિદ્ધ થયો તેની બીજી આવૃત્તિ ૨૦૦૫માં થઈ હતી. પરંતુ લાંબા સમયથી તે ઉપલબ્ધ ન થતાં આ પત્રોનો સંગ્રહ કરીને સાડા આઠ દાયકા બાદ તેને પુનઃ પ્રકાશિત કરવાનું સાહસ સંપાદક ધીરુભાઈ ઠાકરે કર્યું હતું, અને તેને પરિણામે 'સિદ્ધાંતસારનું અવલોકન' પત્રરૂપે તેઓ ૨૦૦૫માં સંપાદિત કરી આપે છે. આ પ્રકારના ગુજરાતી સાહિત્યના સંપાદનનો ઉદ્દેશ જણાવતા તેઓ કહે છે કે, *"હિંદ સેવક સમાજે પ્રગટ કરેલ પ્રત મારી પાસે ઘણાં વર્ષોથી સચવાઈ રહેલી, તે પરથી અહીં આ પત્રોનો સંગ્રહ જરૂરી પશ્ચાદ્દભૂમિકા ઉમેરીને મૂકવાનું વિચાર્યું જેથી એક સદીથીએ વધુ સમય પર લખાયેલા પત્રોનું સાડા આઠ દાયકા બાદ પુનઃ પ્રકાશન થતાં ગુજરાતી સાહિત્યનું એક રસપ્રદ પ્રકરણ કશીયે નોંધ પામ્યા વગર સમયના પ્રવાહમાં તણાઈ જાય તે પહેલાં સાહિત્ય રસિકોને નવી પેઢી માટે સુલભ*

બને. તેનો આસ્વાદ અને અભ્યાસ આનંદપ્રદ અને ઉપયોગી નીવડશે એવી આશા છે." [22] આ પ્રકારનો અભિપ્રાય આપીને સંપાદકે કાન્તના અવલોકનગ્રંથના સંદર્ભે ભૂમિકામાં વિગતે ચર્ચા કરીને કાન્ત અને મણિલાલ એમ બે વિદ્વાનોની મૂલવણી કરી આપી છે. સાથે કાન્તના આ પત્રોનું મૂલ્ય દર્શાવતા ધીરુભાઈ જણાવે છે કે, *"ગુજરાતી પત્રસાહિત્ય તેમજ ચિંતનાત્મક સાહિત્યમાં આ ઘટના અપૂર્વ અને અનન્ય છે. હળવા રોમેન્ટિક મિજાજમાં ધર્મચિંતન જેવા ગંભીર વિષયની ચર્ચા કરવા આ પત્રોમાં કાન્તની બહુશ્રુતતા અને રસિકતાને પ્રતિબિંબત કરતું તેમનું ગદ્ય પણ અનોખો ઉન્મેષ દર્શાવે છે. દુર્ભાગ્યે કાન્તની કવિતાના તેજપુંજની નીચે આ પત્રો દબાઈ ગયા. અથવા અન્ય કોઈ કારણે આ પત્રોની યોગ્ય કદર થઈ નથી કે નોંધ લેવાઈ નથી."* [23] એવું તરાણ તેમનું સાર્થક લાગે છે.

ટૂંકમાં પ્રસ્તુત સંપાદન ૧૯મી સદીમાં પૂર્વ અને પશ્ચિમ સંઘર્ષ વચ્ચે પ્રાચીન આર્ય ધર્મની શ્રેષ્ઠતા સાબિત કરવાનો પ્રયત્ન થયો હતો. આ સંદર્ભમાં કવિ કાન્તે 'સિદ્ધાંતસારનું' અવલોકન કાન્તાને પત્રોરૂપે લખી મોકલ્યું હતું. તીક્ષ્ણ કટાક્ષ અને પ્રહારથી શરૂ થયેલું કાન્તના વક્તવ્ય, સમય જતાં કાન્તમાં થયેલું માનસપરિવર્તન વગેરેનું રસિક પ્રતિબિંબ આ સંપાદનમાં આપણને દ્રષ્ટિગોચર થાય છે. 'જ્ઞાનસુધા' માસિકમાં છપાયેલા આ પત્રોને કાન્ત ૧૯૨૭માં પુસ્તકરૂપે બહાર પાડે છે જે લાંબા સમયથી ઉપલબ્ધ નહોતા. જે સંપાદક ધીરુભાઈ ઠાકરે યોગ્ય ભૂમિકારૂપે સંપાદિત કરી આપીને રસપ્રદ પ્રકરણને આપણી સમક્ષ મૂકી આપ્યું છે. જે સાહિત્યરસિક વર્ગને રુચે તેવું રસપ્રદ બની રહ્યું છે

સંપાદક ધીરુભાઈ ઠાકરે સ્વતંત્ર સંપાદનની સાથે કેટલાક અન્યના સહકારમાં મહત્ત્વના સંપાદનો કર્યા હતા. જેને વિગતે આપણે જોઈએ.

આપણાં ખંડકાવ્યો

સંપાદક ધીરુભાઈ ઠાકરનું અન્યના સહકારમાં કરેલું પ્રથમ સંપાદન 'આપણાં ખંડકાવ્યો'(૧૯૫૭) છે. જેની અત્યાર સુધીમાં બે આવૃત્તિ થઈ હતી. આ સંપાદન ધીરુભાઈ ઠાકરે ડૉ. ચિમનલાલ ત્રિવેદી અને પ્રો.

ચંદ્રશંકર ભટ્ટના સહયોગમાં કર્યું હતું. સંપાદકીય નોંધમાં તેઓ જણાવે છે કે, *"આપણી ભાષામાં અર્વાચીન કવિતાનાં વિવિધ સ્વરૂપ, વિષય અને શૈલીની પ્રતિનિધિ ગણાય તેવી રચનાઓના ત્રણચાર સંચયો થયા છે. તેમાં ઉત્કૃષ્ટ કોટીના કાવ્ય તરીકે કેટલાક ખંડકાવ્યોને સ્થાન મળેલું છે. પણ ગુજરાતીમાં રચાયેલા સઘળાં ખંડકાવ્યોમાંથી પ્રતિનિધિ ગણાય તેવી કૃતિઓનો અલાયદો સંચય એક પણ થયો નથી."* [૨૪] આ પ્રકારનું મંતવ્ય નોંધીને પ્રસ્તુત સંપાદન આ દિશામાં કરેલો પહેલો પ્રયત્ન છે. આ સંપાદનના ૨૩પૃષ્ઠના ઉપોદ્‌ઘાતમાં ખંડકાવ્યના સ્વરૂપ અને વિકાસનું વિવેચન કરી આપ્યું છે. વળી આ સંપાદનમાં મુખ્ય કવિની ઉત્તમ રચનાની સાથે બહુ જાણીતી કૃતિને છોડીને તેનાથી ઓછી જાણીતી રચના હોય અને તેમાં પ્રયોજાયેલી શૈલીને કારણે વિશિષ્ટા દર્શાવતી હોય તેવી રચનાઓને આ સંપાદનમાં સ્થાન આપ્યું છે. આથી કેટલાક મધ્યમ અને સામાન્ય બરના કવિઓની રચનાઓના ઉલેખ્ખ માત્ર લીધો છે. આમ છતાં સંપાદકોએ વિવિધ શૈલી કે દ્રષ્ટિએ વિષયના બે ભિન્ન પાસાં રજૂ કરતાં બે ભિન્ન કવિઓના કાવ્યો હોય તેમને લેવામાં વાંધો ગણ્યો નથી. વિવિધ વિષય અને નિરૂપણશૈલીની પ્રતિનિધિ તરીકે સાદા, મધ્યમ અને સંકુલ વસ્તુવાળી રચનાઓને પણ વૈવિધ્યની દ્રષ્ટિએ અહીં સ્થાન આપ્યું છે. સંપાદકોએ ગુણવત્તામાં ઉત્તમ હોય તેવી રચનાઓની પસંદગીમાં અમુક સમર્થ કવિઓની એકથી વધારે કાવ્યોને સ્થાન આપ્યું છે. જેના કેટલાક નમૂના આ સંપાદનમાં જોવા મળે છે.

આ સંપાદનમાં સંપાદકે પસંદ કરેલાં બત્રીસ ખંડકાવ્યો ઉપોદ્‌ઘાત અને ટિપ્પણ સહિત મૂકી આપ્યા છે. આ સંપાદનની બીજી આવૃત્તિ વેળાએ ઉપોદ્‌ઘાત અને ટિપ્પણમાં સમયાનુરૂપ ફેરફાર કર્યા છે જે અભ્યાસી વર્ગને ઉપયોગી થાય તેવા નીવડ્યા છે.

ચંદ્રહાસાખ્યાન

પ્રેમાનંદની લેખન-કારકિર્દીના પૂર્વાધની એક મહત્ત્વની કૃતિ 'ચંદ્રાહાસાખ્યાન'નું સંપાદન ધીરુભાઈ ઠાકરે અનંતરાય રાવળના સહયોગમાં કર્યું હતું. આ સંપાદનની પ્રથમ આવૃત્તિ ૧૯૬૧, બીજી ૧૯૮૦માં અને ત્રીજી ૧૯૯૫માં એમ કુલ ત્રણ આવૃત્તિઓ પ્રકાશિત થઈ હતી જે સંપાદનની લોકપ્રિયતા દર્શાવે છે.

સંપાદકે ચાળીસ પૃષ્ઠોમાં લખાયેલા પ્રવેશકમાં મધ્યકાલીન આખ્યાન સાહિત્ય સ્વરૂપની ઉત્પતિ, તેની વિકાસરેખા, પ્રેમાનંદનું જીવન-કવન, આખ્યાનકાર તરીકે પ્રેમાનંદની વિશેષતાઓ-મર્યાદાઓ અને 'ચંદ્રાહાસાખ્યાન'ની સમીક્ષા કરીને આ સંપાદનને ઉત્તમ બનાવ્યું છે. 'પ્રાચીન કાવ્યમાળા ત્રૈમાસિક'અને ગુજરાતી પ્રેસના 'બૃહત્કાવ્યદોહન' ભાગ ૨માં છપાયેલા પાઠ અને આગલા પાઠના મુદ્રણમાં નોંધાયેલા પાઠાંતરો આટલી જ સામગ્રી આ આખ્યાનની વાચના તૈયાર કરવા માટે ઉપલબ્ધ હતી. તેમાંથી સંપાદકે 'પ્રાચીન કાવ્યમાળા ત્રૈમાસિક'માં નોંધાયેલા પાઠાંતરોમાંથી 'બૃહતકાવ્ય દોહન'ના પાઠ સાથે મળતી આવતી વાચનાને આધારે આ આખ્યાનનો પાઠ સંપાદકે તૈયાર કરી આપ્યો છે. સંપાદક ધીરુભાઈ ઠાકરે આ સંપાદનમાં પાઠાંતરો વિશે અને સ્વીકારેલા પાઠ અંગે અર્થ અને ઔચિત્યની દ્રષ્ટિએ ટિપ્પણમાં જ્યાં જરૂર જણાઈ ત્યાં ચર્ચા કરી આપી છે. સાથે તેને વિશે એક અલગ નોંધ પણ મૂકી આપી છે. જે સંપાદનની શાસ્ત્રીયતાને ઉજાગર કરી આપે છે. સંપાદકે બીજી આવૃત્તિમાં પ્રવેશક, ટિપ્પણ તેમજ પાઠપસંદગીમાં કેટલાક મહત્ત્વના સુધારા કર્યા હતા. જે ત્રીજી આવૃત્તિમાં યથાતથ જાળવી રાખ્યા છે. સમગ્ર સંપાદનમાંથી આપણે પસાર થઈએ છીએ ત્યારે તેમની સંપાદક તરીકેની નિષ્ઠાનો પરિચય થયા વગર રહેતો નથી.

કાવ્યસંચય-૨

ધીરુભાઈનું અન્યના સહકારમાં સંપાદન થયેલું બીજું એક મહત્ત્વનું સંપાદન 'કાવ્યસંચય-૨' (૧૯૮૧)માં પ્રકાશિત થયું હતું. ખાસ તો ગુજરાતી સાહિત્યના જુદા જુદા સાહિત્ય સ્વરૂપોના મધ્યકાળથી

આજ સુધીના વિકાસને ધ્યાનમાં રાખીને અમૃતપર્વ નિમિત્તે ગુજરાતી સાહિત્ય પરિષદે ગુજરાતી કવિતાના સંચયો પ્રસિદ્ધ કરવાની યોજના ઘડી હતી તેના અનુસંધાનમાં ધીરુભાઈ ઠાકરે આ સંપાદન વ્રજલાલ દવેના સહકારમાં કર્યું હતું. આ સંપાદનનો ઉદ્દેશ્ય ખાસ તો આઠ-નવ દાયકાની મજલને અંતે ગુજરાતી કવિતાનું કેવું મધુર અને માંસલ બાંધાવાળું કાઠું બંધાયું તેની વિગતો પૂરી પાડે તેવી અભ્યાસસામગ્રી આપવા તરફ રહ્યું છે. જેના પરિણામે સંપાદકોએ અહીં કવિ દલપતરામથી 'જટિલ' સુધી કવિઓની પ્રતિનિધિ રચનાનો સમાવેશ કરી આપ્યો છે.

પ્રસ્તુત કાવ્યસંપાદનમાં દરેક કવિ અને તેના પ્રભાવ હેઠળ આવેલા અન્ય કવિઓની કવિતાને આવરી લેવાનો પ્રયાસ સંપાદકોનો રહ્યો છે. વળી અહીં સુધારકયુગ અને પંડિતયુગના ગાળાની કેટલીક મહત્ત્વની રચનાઓ આ કાવ્યસંચયમાં સ્થાન પામી છે. આ સંપાદનમાં અમુક દીર્ઘ કાવ્યો જેવા કે 'હિન્દુઓની પડતી', 'ફારબસ વિરહ', 'ઈન્દ્રજિતવધ', 'આરોહણ' અને 'કલાપીનો વિરહ' વગેરેનો સમાવેશ કર્યો છે. આ કાવ્યસંચયમાંથી પસાર થતાં નવ્ય કાવ્યવિકાસના પ્રત્યેક તબક્કાનું અવલોકન થઈ શકે છે. શ્રેષ્ઠ સર્જકોની કવિતાઓની સાથે મધ્યમ કક્ષાના કવિઓની કવિતાને પણ સ્થાન સંપાદકોએ આપ્યું છે. ગુજરાતી કવિતા જગતમાં નવા કવિઓએ ભાષા અને છંદના નવીન પ્રયોગો કેવા કર્યા, અંગ્રેજી-સંસ્કૃત-ફારસી વગેરે કવિત્વશૈલીના સંસ્કાર ગુજરાતી કવિતામાં કેવી રીતે ઉતર્યા, કાન્ત, કલાપી અને ન્હાનાલાલના આગમનથી ગુજરાતી કવિતામાં કેવા વળાંકો આવ્યા અને એક યુગમાંથી બીજા યુગમાં સંક્રમણ થતાં ગુજરાતી કવિતામાં કેવા ફેરફારો આવ્યા તેની રસપ્રદ માહિતી આ સંપાદનમાંથી આપણને મળી રહે છે.

સમગ્ર સંપાદનમાંથી પાસર થતાં ખ્યાલ આવે છે કે સંપાદકોએ કૃતિઓની ગોઠવણીમાં પૂરતી ચોકસાઈ રાખી છે. કવિઓને જોડણીવાર અને કૃતિઓને કર્તાવાર ગોઠવી આપ્યા છે. તેની ગોઠવણીમાં સમયાનુક્રમને અનુસર્યા નથી. કવિતાનો વિકાસનો ક્રમ યોગ્ય રીતે સચવાય તે માટે અનુક્રમ મૂકી આપ્યો છે. વળી પ્રત્યેક સફળ કવિએ કરેલા વિશિષ્ટ પ્રયોગોને ધ્યાનમાં રાખીને સંપાદકોએ ક્રમ નક્કી કરી આપ્યો છે. આ દરેક પાસાં સંપાદકોની વિશેષતાઓને ઉજાગર કરી આપે છે.

આ ઉપરાંત સંપાદક ધીરુભાઈ ઠાકરે ‘સાહિત્યકિરણાવલી’ ૧-૨-૩(૧૯૫૪), ‘સર્વોદય વાચનમાળા’ ૧-૨-૩-૪(૧૯૫૮), ‘આનંદ વાચનમાળા’ ૧-૨-૩-૪(૧૯૬૧)અને tribute to Etસંશ્ર (૧૯૮૩) જેવા સંપાદનો અન્યના સહકારમાં રહીને પ્રકાશિત કર્યા હતા.

ટૂંકમાં ધીરુભાઈએ સ્વતંત્ર અને અન્યની સાથે મળીને ૨૫જેટલા સંપાદનો આપ્યા છે. આ દરેક સંપાદનમાંથી પસાર થતાં તેમની સંપાદક તરીકેની નિષ્ઠા, કર્તવ્ય, શ્રમ, પ્રમાણિકતા જેવા ગુણો ઉજાગર થયા વગર રહેતા નથી. વિવિધ સાહિત્ય પ્રકારના તેમના સંપાદનો તેમની સાહિત્યિક રુચિનો પરિચય કરાવી આપે છે. આથી જ સંપાદક તરીકે ધીરુભાઈને બિરદાવતા પ્રફુલ રાવલ કહે છે કે, *“ધીરુભાઈ ઠાકરના સંપાદનો એમની સાહિત્યના વિવિધ સ્વરૂપ-પ્રકાર તરફની રુચિનો સમ્યક્ પરિચય આપે છે. એમણે મધ્યકાલીન, પંડિતયુગ, અર્વાચીનયુગ, ગાંધીયુગ અને અનુગાંધીયુગ સુધીના સાહિત્યની કૃતિઓનું સંપાદન કર્યું છે એ એમની બહુશ્રુતતા નિદર્શે છે. ક્યાંક વિગતના અભાવે કશુંક રહી ગયું હોય એવું બને પરંતુ સંપાદનમાં કર્તવ્યમાં એમણે કયાંય કસર રાખી નથી. ઉત્તરવયે પણ એમની શોધવૃત્તિ જરાય પાંખી નહોતી પડી તો જતું કરવાની વૃત્તિ તો જરાય નહોતી. એમનાં સંપાદનો અવશ્ય આવનાર પેઢીને માર્ગદર્શકરૂપ બને તેટલાં સમૃદ્ધ છે.”* [૨૫] પ્રફુલ રાવલના આ પ્રકારના અભિપ્રાય સાથે ધીરુભાઈના સમગ્ર સંપાદનોમાંથી પસાર થતાં આપણને યથાર્થ લાગે છે.

ધીરુભાઈ ઠાકરે પોતાના જીવનના અનુભવોની રસિક વાતો ‘દીવાદાંડી’(૨૦૦૭)અને ‘અનુભવનું અત્તર’(૨૦૦૮)એમ બે પુસ્તકોમાં કરી હતી. જેનો સમાવેશ આ પ્રકરણમાં કરીને ચર્ચા કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

દીવાદાંડી

ધીરુભાઈ ઠાકરકૃત ‘દીવાદાંડી’ વાતો અને ટુચકાઓનો સંગ્રહ છે. આ સંગ્રહમાં જ્ઞાનની, વિનોદની, મહાનુભાવોના પ્રેરક પ્રસંગોની, સારા-નરસા બનાવોની બેતાળીસ વાર્તાઓ આપણને પ્રાપ્ત થાય છે. કથા,

કવિતા, ધ્યાન અને હાસ્ય રજૂ કરતી આ વાર્તાઓ જીવનઘડતર માટે અતિ ઉપયોગી બની રહે તેવી ઉત્તમ નીવડી છે. આ વાર્તાઓમાં નિરૂપાયેલું હાસ્ય જીવનઘડતર કરતી વિનોદવાર્તાઓ બની જાય છે. ૮૪ પૃષ્ઠોમાં આલેખાયેલા આ પુસ્તકમાં શિક્ષણ, સાહિત્ય, નાટક, દેશપ્રેમ, સંસ્કૃતના કવિઓ વગેરેના નાનકડા પ્રસંગો અહીં જોવા મળે છે. 'સિદ્ધરાજની રાત્રિચર્ચા', 'નાટ્યરસમાં ઓગળી જતો રંગભેદ', 'એકવાર નાટકકંપની કાઢી જુઓ' વગેરે લેખોમાં ધીરુભાઈ ઠાકરની નાટ્યનિર્માણ અને નાટ્યલેખનની હથોટી જોવા મળે છે. વળી આ દરેક પ્રસંગોની બાંધણી તેમણે લાઘવતાંથી કરી આપી છે.

ધીરુભાઈ ઠાકરે જ્યારે વિદેશગમન કર્યું ત્યારના કેટલાક ખટમીઠા સંસ્મરણોને અહીં વાગોળી આપ્યા છે. જેમ કે 'સ્ટ્રેટફર્ડના સાહિત્યતીર્થમાં' શેક્સપિયરની જન્મભૂમિની લીધેલી મુલાકાતની સાથે તેનું જન્મસ્થાન, મ્યુઝિયમ, કબર, પુસ્તક પ્રદર્શન, તેમની માતા-પુત્રીનું મકાન સટ્રેટફર્ડ થિયેટરના કેટલાક દ્રશ્યો વગેરેનું આબેહૂબ આલેખન કરી આપ્યું છે. વિદ્યોપાસક તુચીની વિદેશયાત્રાનું વર્ણન આપણને 'તુચી અને તેનસિંહ'લેખમાં પ્રાપ્ત થાય છે. વળી 'હેમિંગ્વે અને ઈનામ'લેખમાં હેમિંગ્વેને વાર્તાલેખનની સ્પર્ધામાં ઈનામ ન મળવા બાબતે પોતાની બહેને આપેલી શિખામણનો પ્રસંગ આલેખાયેલો છે. વિદેશની છેલ્લી લહાણી દર્શાવાતો લેખ 'ટાઈટન્ડ ટંગ' છે. જેમાં આ પુસ્તકની ધીરુભાઈ ઉપર કેવી અસર પડે છે તે સ્થિતિનું આલેખન કરતો લેખ બની રહે છે.

ધીરુભાઈ ઠાકર પોતે સાહિત્યના ઈતિહાસના આલેખક છે અને તેમણે યુગ મુજબ ગુજરાતી સાહિત્યના ઈતિહાસ ખંડો આપ્યા છે. આથી આ પુસ્તકમાં ઠકાર સાહેબે ન્હાનાલાલ, સુરદાસ, ઝવેરચંદ મેધાણી, જેવા સર્જકોના રસપ્રદ પ્રસંગો વણી આપ્યા છે. વળી આનંદઘન, વાલ્મીકિ, રામકૃષ્ણ પરમહંસ, ગાંધીજી અને રવીન્દ્રનાથ ટાગોર જેવી મહાન વિભૂતિઓના જીવનના ઉત્તમ પ્રસંગો આપ્યા છે. ધીરુભાઈ ઠાકરનો વતન પ્રત્યેનો પ્રેમ 'વતનની તરસ'નામના લેખમાં જોવા મળે છે. અંતમાં અહીં પોતાના વતનમાં કામ મળે તે કરવાની ઈચ્છા વ્યકત કરેલ જોઈ શકાય છે. ટૂંકમાં પુસ્તકનું શીર્ષક 'દીવાદાંડી' જેમ સમુદ્રમાં પ્રકાશ પાથરીને માણસોને સાચો રસ્તો બતાવે છે તેમ 'દીવાદાંડી'માં આલેખાયેલા પ્રસંગો પણ માણસને

યોગ્ય માર્ગએ લઈ જવામાં મદદરૂપ બને તેવા સાર્થક નીવડ્યા છે. આથી જ આ પુસ્તક વિશે મીના સોલંકી નોંધે છે કે, *"'દીવાદાંડી'ના પ્રસંગોમાં પ્રાસાદિક, રોચક, પ્રસન્ન ગદ્ય તો છે જ સાથે ભાષાશૈલીની સરળતા પણ નજરે પડે છે. ટૂંકા ટૂંકા વાક્યો પણ પ્રસંગના હાર્દને સમજવામાં મદદરૂપ નીવડે છે. ધીરુભાઈના આ સ્મરણો અનુભવો દીવાદાંડી રૂપે મળ્યા છે."* [૨૬] ડૉ. મીના સોલંકીનું તારણ સમગ્ર પુસ્તકમાંથી પસાર થતાં આપણને ઉચિત લાગે છે.

અનુભવનું અત્તર

પ્રસ્તુત પુસ્તકમાં ધીરુભાઈ ઠાકરે પોતાના ૩૯ જેટલા અનુભવોના પ્રસંગોનું આલેખન કરી આપ્યું છે. કદમાં નાના એવા લઘુ લેખોનો મોટાભાગે અહીં સમાવેશ કરેલ જોવા મળે છે. આ સંગ્રહમાં ન્હાનાલાલ, ગોવર્ધનરામ, મણિલાલ, ચન્દ્રવદન મહેતા, જેવા ખ્યાતનામ સર્જકો છે, તો રળિયો ગઢવી, જેઠીબાઈ, મુલ્લાં વગેરે જેવાના વ્યક્તિચિત્રો પણ અહીં પ્રાપ્ત થાય છે. ધીરુભાઈએ અહીં આલેખાયેલા વ્યક્તિચિત્રોમાં દરેકની પ્રતિભાને ઉજાગર કરવામાં ભારે જહેમત ઉઠાવી છે તેની પ્રતીતિ આ વ્યક્તિચિત્રો વાચતાં આપણને ખ્યાલ આવે છે. 'ધેનુપ્રિય કવિ'ના પ્રથમ પ્રસંગમાં ઓમન વીનોલ પાબ્લો નેરુદાને જે રીતે મૂંઝવે છે તેનું આલેખન ધીરુભાઈએ રસપ્રદ રીતે કરી આપ્યું છે. તેમજ આ પ્રસંગ વાંચતાં ધીરુભાઈ ઠાકરે કરેલ અનુવાદ 'સત્યની મુખોમુખ' પુસ્તકનું સ્મરણ કરાવી આપે છે તેવું ઉત્તમ નીવડ્યું છે.

ઐતિહાસિક તથ્યોની માવજત 'મહેતાજીના નાટકમંડળી'માં જોવા મળે છે. વિકટોરિયા થિયેટરમાં બારસો પ્રેક્ષકોની હાજરીમાં 'લલિતા દુઃખદર્શક' નાટક ભજવાયું હતું તેના સ્મરણોને વિગતે આલેખી આપ્યા છે. 'નિવૃત્તિમાં પ્રવૃત્તિ' અને 'ચોરની વાદે ચણા ઉપાડ્યા' જેવા પ્રસંગોમાં હાસ્યરસનું નિરૂપણ થયું છે. 'ચડ જા બેટા શૂલી પર' અને 'દરજીની વાત'માં રહેલ કથાવાર્તાઓનું તત્ત્વ વળી 'પ્રિન્સ આલ્બર્ટના છેલ્લા દિવસો' જેવા લઘુલેખમાં કરુણરસ છે. 'સાહિત્ય અને કળાનો ફિરસ્તો'માં ગુજરાતી સાહિત્યમાં જાણીતા

'વીસમી સદી' સામાયિકના મહત્ત્વના તંત્રી હાજી મહમ્મદ અલ્લારખિયા શિવજીના જીવનકાર્યની રૂપરેખા આલેખી આપી છે.

ટૂંકમાં 'અનુભવનું અત્તર' પુસ્તકમાં આલેખાયેલા લઘુલેખો શિક્ષક ધીરુભાઈ ઠાકરની છબિ છતી કરી આપે છે. તેમજ આ પુસ્તક કેટલાંક વાંચવા યોગ્ય પુસ્તકો અને મહત્ત્વના અભ્યાસપાત્ર વિષયો તરફ અંગુલિનિદર્શ કરી આપે છે. ધીરુભાઈએ પોતાના જીવનમાં માણેલા અનુભવેલા પ્રસંગો ચિત્તને સ્પર્શી જાય તેવી ભાવવાહી શૈલીમાં આલેખી આપ્યા છે જે આ પુસ્તકની વિશેષતા ગણાવી શકાય.

સંદર્ભસૂચિ

૧ સ્વાધ્યાયશીલ સૂચિકાર ધીરુભાઈ ઠાકર: મણિભાઈ પ્રજાપતિ, સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત, મે-જૂન, ૨૦૧૯, અંક, ૩, પૃ- ૫

૨ એજન, પૃ- ૬

૩ સમાલોચક સ્વાધ્યાય અને સૂચિ: ધીરુભાઈ ઠાકર, પ્ર.આ. ૧૯૮૭, પૃ- ૧૦

૪ સ્વાધ્યાયશીલ સૂચિકાર ધીરુભાઈ ઠાકર: મણિભાઈ પ્રજાપતિ, સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત, મે-જૂન, ૨૦૧૯, અંક, ૩, પૃ- ૯

૫ પ્રવાસી પિરામિડનો: ધીરુભાઈ ઠાકર, પ્ર.આ. ૨૦૦૬, પૃ-૨૨

૬ 'સવ્યસાચી'ની અક્ષર-આરાધના: ડૉ. મીના સોલંકી, પ્ર.આ. ૨૦૧૭, પૃ- ૮૫

૭ સત્યની મુખોમુખ: ધીરુભાઈ ઠાકર, પ્ર.આ. ૨૦૧૦, પૃ- ૧

૮ સત્યની મુખોમુખ: એક આસ્વાદ્ય ગદ્ય કાવ્યગ્રંથ: ગોવિંદભાઈ રાવલ, પરબ, નવેમ્બર, ૨૦૧૧, અંક, ૧૧, પૃ- ૬૭

૯ મણિલાલની વિચારધારા: ધીરુભાઈ ઠાકર, પ્ર.આ. ૧૯૪૮, પૃ- ૭

૧૦ એજન, પૃ- ૮

૧૧ એજન, પૃ- ૨૧

૧૨ મણિલાલના ત્રણ લેખો: ધીરુભાઈ ઠાકર. પ્ર.આ. ૧૯૪૯, પૃ- ૧

૧૩ એજન, પૃ- ૧

૧૪ એજન, પૃ- ૧૧

૧૫ કાન્તા: ધીરુભાઈ ઠાકર, પ્ર.આ. ૧૯૫૪, પૃ- ૮

૧૬ એજન, પૃ- ૧૮

૧૭ કરુણપ્રશસ્તિ કાવ્યો: ધીરુભાઈ ઠાકર, પ્ર.આ. ૨૦૧૦, પૃ- ૧૪

૧૮ 'સવ્યસાચી'ની અક્ષર-આરાધના, ડૉ. મીના સોલંકી, પ્ર.આ. ૨૦૧૭, પૃ- ૯૯

૧૯ સંપાદક ધીરુભાઈ ઠાકર: પ્રફુલ રાવલ, બુદ્ધિપ્રકાશ, જાન્યુઆરી, ૨૦૨૦, અંક, ૧, પૃ- ૩૩

૨૦ મારી હકીકત: ધીરુભાઈ ઠાકર, પ્ર.આ. ૧૯૮૩, પૃ- ૬

૨૧ એજન, પૃ- ૬

૨૨ સિદ્ધાંતસારનું અવલોકન: ધીરુભાઈ ઠાકર, પ્ર.આ. ૨૦૦૫, પૃ- ૧૫

૨૩ એજન, પૃ- ૧૬

૨૪ આપણાં ખંડકાવ્યો: ધીરુભાઈ ઠાકર અને અન્ય, પ્ર.આ. ૧૯૫૭ પૃ- ૩

૨૫ સંપાદક ધીરુભાઈ ઠાકર: પ્રફુલ રાવલ, બુદ્ધિપ્રકાશ, જાન્યુઆરી, ૨૦૨૦, અંક, ૧, પૃ- ૩૪

૨૬ 'સવ્યસાચી'ની અક્ષર-આરાધના: ડૉ. મીના સોલંકી, પ્ર.આ. ૨૦૧૭, પૃ- ૧૪૫